**સેશન્સ કેસ નં. ૨૦/૨૦૨૫**
**સેશન્સ કેસ નં. ૨૫/૨૦૨૬**

| | |
|---|---|
| GJGN070003402025 | દાખલ તારીખ :-૦૫/૦૪/૨૦૨૫ |
| | ફેંસલ તારીખ :-૨૬/૧૦/૨૦૨૬ |
| | સમયગાળો :- |
| | ૦૧- વર્ષ, ૦૬-માસ, ૨૧-દિવસ |

# FORM – A

**ત્રીજા અધિક સત્ર ન્યાયધીશ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ.કલોલ, ગાંધીનગર.**

આંક :- ૬૬

(જજમેન્ટ તારીખ-૨૬/૧૦/૨૦૨૬)

**સેશન્સ કેસ નં.૨૦/૨૦૨૫**
**સેશન્સ કેસ નં.૨૫/૨૦૨૬**

(કલોલ તાલુકા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૨૧૬૦૨૨૨૪૦૬૧૦/૨૦૨૪) બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ) તથા એમ.વી.એક્ટ કલમ-૧૭૭, ૧૮૪.

| | |
|---|---|
| **ફરિયાદી:-** | **શ્રી સરકાર**<br>(મૂળ ફરિયાદી **અ.હેડ. કોન્સ. જયેન્દ્રકુમાર કાંતીલાલ** બકલ નં.૭૨૪, નોકરી-નારદીપુર આઉટ પોસ્ટ, કલોલ તાલુકા પોલીસ સ્ટેશન, જી. ગાંધીનગર.) |
| **ફરિયાદપક્ષ તરફે:-** | **વિધ્વાન એડી.પબ્લીક પ્રો. જે.એચ.જોષી** |

<table>
<tr><td colspan="2" align="center">સેશન્સ કેસ નં.૨૦/૨૦૨૫</td></tr>
<tr><td>આરોપીઓ:-</td><td>(૧)લાલભાઇ મણીલાલ સેનમા (મરણ)<br>ઉ.વ.૫૫. રહે-જામળા ગામ ઢાંકણી વાસ તા.કલોલ જી.ગાંધીનગર.<br>(૨) વસીમ સ/ઓફ સાહબુદ્દીન બાબુ કુરેશી ઉ.વ.૩૪, રહે.મ.નં.૧૭, સમ્મા સોસાયટી, જુહાપુરા, અમદાવાદ.<br>(૩) મહંમદ રફીક સ/ઓ મહંમદહનીફ અલીભાઇ કુરેશી ઉ.વ.૨૮ રહે.મ.નં.૨૮૩, બ્લોક નં.૯, સંતોષનગર ચાર માળીયા, બહેરામપુરા અમદાવાદ.<br>(૪) અસ્ફાક ઉર્ફે સલમાન સ/ઓ અલ્લારદા અબ્દુલ બહેલીમ ઉ.વ.૧૯ રહે. ૯, અબ્દુલ મુન્ના ફ્લેટ ફતેહવાડી કેનાલ પાસે અંબાટાવર સામે, અમદાવાદ.<br>(૫) ગુલામ મોઇન મુસ્તાક અહેંમદ ઇસ્માઇલ કુરેશી ઉ.વ.૨૪ રહે.નવાવાસ મકાન નં.૬૪૭, કુરેશ મેડીકલની પાસે મીરઝાપુર, મટન માર્કેટ પાસે અમદાવાદ.</td></tr>
<tr><td colspan="2">સેશન્સ કેસ નં.૨૫/૨૦૨૬(પુરવણી ચાર્જશીટ)</td></tr>
<tr><td>આરોપી :-</td><td>(૬) વિઠ્ઠલ ઉર્ફે ભુપત કાળુભાઇ ઉર્ફે લાલાભાઈ મણીલાલ સેનમા<br>ઉ.વ.૩૭, રહે-જામળા ગામ ઢાંકણી વાસ તા.કલોલ જી.ગાંધીનગર.</td></tr>
<tr><td>આરોપીઓપક્ષ તરફે:-</td><td>વિ.વ.શ્રી આર.એ.શેખ</td></tr>
</table>

**गावो विश्वस्य मातरः, गावः सर्वसुखप्रदाः।**
**गोरक्षा धर्मकार्यं च, न्यायः सत्यस्य रक्षकः॥**
**गोवधं यत्र जायेत, धर्मस्य हानिरुच्यते।**
**दोषसिद्धौ विधानेन, दण्डः कार्यो यथाविधि॥**
**न्यायमार्गेण राजेन्द्र, धर्मसंस्थापनं भवेत्।**
**जीवसंरक्षणं पुण्यं, न्यायपालनमुत्तमम्॥**

ગુજરાતી અર્થ :

ગાયને વિશ્વની માતા સમાન માનવામાં આવે છે. તે માનવજીવન અને સમાજ માટે ઉપયોગી છે. ગાયનું રક્ષણ કરવું એ ધર્મ અને કરુણાની ભાવના સાથે જોડાયેલું કાર્ય છે, જ્યારે ન્યાય સત્યનું રક્ષણ કરે છે. જ્યાં ગાયની હત્યા થાય છે, ત્યાં તેની સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. જો આરોપી સામેનો ગુનો પુરાવાથી સાબિત થાય, તો તેને લાગુ પડતા કાયદા અનુસાર યોગ્ય સજા થવી જોઈએ. ન્યાયના માર્ગે ચાલીને જ ધર્મ અને ન્યાયની સ્થાપના થઈ શકે છે. જીવનું રક્ષણ કરવું અને કાયદાનું પાલન કરાવવું એ ન્યાયી સમાજનાં મહત્ત્વનાં કર્તવ્યો છે.

હિન્દુ ધર્મશાસ્ત્ર અનુસાર મનુસ્મૃતિમાં ગાય(ગોધન) ને માત્ર એક પશુ નહીં પરંતુ સમાન અને ધર્મની " ધરી " તરીકે સ્વીકારવામાં આવી છે.

મહર્ષિ મનૃએ પશુઓની રક્ષા અને ગોપાલનની મુખ્ય જવાબદારી વૈશ્ય વર્ણને સોંપી છે તે જ રીતે " આર્ષ વિવાદ "માં ગાય અને બળદની જોડીનું વિશેષ મહત્વ છે.

વેદો અને હિન્દુ ધર્મગ્રન્થો અનુસાર જયારે બ્રમ્હાજીના મુખમાંથી અમૃત બિંદુના ટીંપા તપસ્યા દ્વારા પૃથ્વી પર પડયા ત્યારે દિવ્ય અમૃત

બિંદુઓમાંથી સુરભી ગાય ( કામધેનુ) પ્રગટ થઇ હતી જે પૃથ્વી પર તમામ ગૌવંશની માતા માનવામાં આવે છે.

તે જ રીતે ઋગવેદમાં ગાયને " અધ્ન્યા " કહેવામાં આવી છે એટલે કે એને કયારેય હણવા કે મારવા યોગ્ય નથી.

ગાય " ગાવા : વિશ્વસ્વ માતા : એટલે કે ગાય વિશ્વની માતા છે જેમાં ૩૩ કરોડ દેવીદેવતાઓનો વાસ છે. ગાયના ચાર પગ તે ચાર વેદોનો પ્રતીક છે. તે જ રીતે મનૃસ્મૃતિએ હરીવંશ પુરાણ પ્રમાણે ગાય દક્ષ પ્રજાપતિની પુત્રી તરીકે પણ ઓળખાય છે અને ઋષિ સાથે તેઓના લગ્ન પછી પૃથ્વી પર ગૌધનની સૃષ્ટી આગળ વધી ગાયના શીંગડામાં બ્રમ્હા વિષ્ણુ અને મહેશનો વાસ છે અને તેની આંખોમાં સુર્ય અને ચંદ્રનો વાસ છે માટે તે ગૌમાતા કહેવાય છે.

**त्वं माता सर्वदेवानां त्वं च यज्ञस्य कारणम् ।**
**त्वं तीर्थं सर्वतीर्थानां नमस्तेऽस्तु सदानघे ॥**

"તમે તમામ દેવતાઓની માતા છો, અને તમે તમામ પવિત્ર યજ્ઞોના અંતિમ સ્ત્રોત અને કારણ છો. તમે તમામ પવિત્ર જળાશયો અને તીર્થક્ષેત્રોમાં સૌથી પવિત્ર તીર્થ છો. હે સદૈવ પવિત્ર, નિર્દોષ અને શુભ સ્વરૂપા, હું તમને હંમેશા પ્રણામ કરું છું ".

આમ ગાયોના મહત્વને નજર સમક્ષ રાખી આ કેસનો ગુણદોષ પ્રમાણે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે.

## FORM – B

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ:- | ૨૨/૦૮/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ:- | ૨૨/૦૮/૨૦૨૪ |
| ચાર્જશીટ કર્યા તારીખ:- | સેશન્સ કેસ.૨૦/૨૦૨૫<br>૦૫/૦૪/૨૦૨૫ |

| | |
|---|---|
| | સેશન્સ કેસ–૨૫/૨૦૨૬<br>તા.૨૬/૦૩/૨૦૨૫ |
| તહોમતનામું ફરમાવ્યાની તારીખ:– | ૨૨/૦૯/૨૦૨૬ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ:– | ૨૯/૦૯/૨૦૨૬ |
| ચુકાદા તારીખ:– | ૨૬/૧૦/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ, જો હોય તો:– | આખરી હુકમ મુજબ. |

## –:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| આરોપીઓનું નામ. | (૧)લાલભાઇ મણીલાલ સેનમા (મરણ)<br>(૨) વસીમ સ/ઓફ સાહબુદ્દીન બાબુ કુરેશી<br>(૩) મહંમદ રફીક સ/ઓ મહંમદહનીફ અલીભાઇ કુરેશી<br>(૪) અસ્ફાક ઉર્ફે સલમાન સ/ઓ અલ્લારદા અબ્દુલ બહેલીમ<br>(૫) ગુલામ મોઇન મુસ્તાક અહેંમદ ઇસ્માઇલ કુરેશી<br>(૬) વિઠ્ઠલ ઉર્ફે ભુપત કાળુભાઇ ઉર્ફે લાલાભાઇ મણીલાલ સેનમા |
| ધરપકડ કર્યા તારીખ. | આરોપીનં.૧ થી ૪–૨૨/૦૮/૨૪<br>આરોપી નં.૫ ૨૮/૦૯/૨૦૨૪<br>આરોપી નં.૬ –૧૩/૧૨/૨૦૨૪ |
| જામીન મુકત કર્યા તારીખ. | આરોપી નં.૧ ૧૩/૧૨/૨૦૨૪<br>આરોપી નં.૩ અને ૪ ૨૮/૧૧/૨૪ |

| | |
|---|---|
| | આરોપી નં.૫ ૨૮/૦૯/૨૦૨૪<br>આરોપી નં.૬ ૦૩/૦૧/૨૦૨૫ |
| આરોપીઓ સામેના ગુનાનું તહોમત. | બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ) તથા એમ.વી.એક્ટ કલમ-૧૭૭, ૧૮૪. |
| નિર્દોષ કે દોષિત. | આરોપી નં.૧ થી ૪ દોષિત<br>આરોપી નં.૫ અને ૬ નિર્દોષ |
| ફરમાવેલ સજા. | આખરી હુકમ મુજબ. |
| ક્રિ.પો.કો.કલમ-૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમિયાન અટકાયતમાં પસાર કરેલ સમય. | - |

## FORM – C

**ફરિયાદપક્ષે/બચાવપક્ષે કોર્ટના સાહેદોનું લીસ્ટ :-**

**એ- ફરિયાદપક્ષે સાહેદોનું લીસ્ટ :-**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ડૉ.જીગ્નેકકુમાર વિષ્ણુભાઇ પટેલ | ૨૨ | ડૉ.સાહેદ |
| ૨ | વિષ્ણુભાઇ ડામરાભાઇ જોશી | ૨૫ | ગુનાવાળી જગ્યાના પંચ |
| ૩ | આનલબેન અરૂણભાઇ પ્રજાપતિ | ૩૬ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ઈશ્વરજી દાજીજી ચાવડા | ૩૯ | પંચ સાહેદ |
| ૫ | પ્રિયંક ગોકુલભાઈ ઠક્કર | ૪૧ | મકાનની ખરાઈ કરનારસાહેદ |
| ૬ | જયેન્દ્રકુમાર કાંતિલાલ પનારા | ૪૩ | ફરીયાદી |
| ૭ | બાલુસિંગ ગુલાબસિંગ સોલંકી | ૪૫ | પોલીસ સાહેદ |
| ૮ | ઈકબાલશા ઈમામશા ફકીર | ૪૮ | આરોપી ભુપતના કપડા અને શરીર સ્થિતીના પંચ |
| ૯ | પ્રકાશભાઈ કુબેરભાઈ ચૌધરી | ૪૯ | રેડ પાર્ટનર પોલીસ |
| ૧૦ | નરેન્દ્રકુમાર બાબુભાઈ પટેલ | ૫૦ | સાહેદ |
| ૧૧ | લાલાભાઈ કાનાભાળ ચૌહાણ | ૫૧ | પોલીસ સાહેદ |
| ૧૨ | રણજીતસિંહ ચતરસિંહ ગેલોત | ૫૪ | તપાસ અધિકારી |

**બી–બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ :–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**સી–કોર્ટ સાહેદોનુ લીસ્ટ :–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**ફરિયાદપક્ષે /બચાવપક્ષે કોર્ટના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–**

**એ–ફરિયાદપક્ષુ દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફ.ગુ.ર.નં–૬૧૦/૨૦૨૪ નાં કામે એક લેખીત યાદી | ૨૩ |
| ૨ | વેટરનિટી ડૉ.શ્રીએ આપેલ રીપોર્ટ | ૨૪ |

| | | |
|---|---|---|
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૬ |
| ૪ | જમીન રેકર્ડની ખાત્રી માટે પોલીસ દ્વારા કરેલ યાદી | ૩૭ |
| ૫ | ગ્રામપંચાયતનો રીપોર્ટ | ૩૮ |
| ૬ | પંચનામું | ૪૦ |
| ૭ | જલારામ ગૌસેવા ટ્રસ્ટ ગાંધીનગરનો અહેવાલ | ૪૨ |
| ૮ | ફરિયાદ | ૪૪ |
| ૯ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા તથા કાગળો તથા આરોપી સંભાળી લેવા અંગે જે રીપોર્ટ રીસીવ કર્યા અંગેનો શેરો | ૪૬ |
| ૧૦ | આરોપીની હસ્તગત કરી તેની શરીર સ્થીતીનું પંચનામું | ૪૭ |
| ૧૧ | સ્ટેશન ડાયરીની સંબંધીત પાનાનીનકલ | ૫૨ |
| ૧૨ | સુચિપત્ર | ૫૩ |
| ૧૩ | એફ.આઈ.આર.ની નકલ | ૫૩ –એ |
| ૧૪ | રવાનગી પત્રક | ૫૫ |
| ૧૫ | જાહેરનામું | ૫૬ |
| ૧૬ | એફ.એસ.એલ.સર્ટી માટે પોલીસ દ્વારા કરેલ યાદી | ૫૭ |
| ૧૭ | એફ.એસ.એલ.રીપોર્ટ | ૫૮ |
| ૧૮ | સી.ડી.આર.રીપોર્ટ | ૫૯ |

| ક્રમ | મુદામાલ પાવતીનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | મુદામાલ પાવતી ૧૫૮/૦૨૪ પ્રમાણેનો આર્ટીકલ–૩ લખેલ છરો | ૨૭ |
| ૨ | મુદામાલ પાવતી ૧૫૮/૦૨૪ પ્રમાણેનો આર્ટીકલ–૪ | ૨૮ |

| | | |
|---|---|---|
| | લખેલ નાનો છરો | |
| ૩ | મુદામાલ પાવતી ૧૫૮/૦૨૪ પ્રમાણેનો આર્ટીકલ-૫ લખેલ નાનો છરો | ૨૯ |
| ૪ | મુદામાલ પાવતી ૧૫૮/૦૨૪ પ્રમાણેનો આર્ટીકલ-૬ લખેલ લાકડાનાં હાથાવાળી લોખંડની કુહાડી | ૩૦ |
| ૫ | મુદામાલ પાવતી ૧૫૮/૦૨૪ પ્રમાણેનો આર્ટીકલ-૭ લખેલ લટકાવવાનો વજનકાંટો | ૩૧ |
| ૬ | મુદામાલ પાવતી ૧૫૮/૦૨૪ પ્રમાણેનો આર્ટીકલ-૮ લખેલ ગાયો બાંધવા વાપરવામાં આવેલ દોરડું | ૩૨ |
| ૭ | આર્ટીકલ-૨,૧૨ અને ૧૪ લખેલ વીવો કંપની અને નોકીયા કંપનીનાં મોબાઈલ | ૩૩/ ૩૪/૩૫ |

**બી-બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :-**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| -- | -- | -- |

**સી-કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :-**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| -- | -- | -- |

## - : ચુ કા દો : -

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સેશન્સ કેસ -૨૦/૨૦૨૫ આ કામના આરોપીઓ તથા આરોપી નં.૬ તા.૨૨/૦૮/૨૦૨૪ના કલાક-૨૦/૦૦ વાગે મોજે જામળા, ગામે

ઢાંકણીવાસ, ખાતે આ કામના તહોમતદાર નં.૧ના ઘરમાં પોતાના આર્થિક ફાયદા સારુ સાથે મળી ગે.કા.રીતે ગાયોનું કતલ કરી સમાજના બહોળા વર્ગની લાગણી દુભાય તેવું કૃત્ય કરી ગૈમાંસ આશરે-૨૭૭/-કિલો કિં.રૂા.૫૫,૪૦૦/-ના તથા ગૌવંશ કતલ તગા હેરાફેરીમાં વપરાતાં હથિયારો તથા વાહનો નાના મોટા છરા નં.૦૩, તથા કુહાડી નંગ-૦૧ તથા વજન કાંટો નંગ.૦૧, તથા દોરડા નંગ.૦૨, તથા લોડીંગ રીક્ષા નં.જીજે.૨૭.વી.૨૬૧૪ જેની કિં.રૂા.૫૦,૦૦૦/- તથા અશોક લેલન્ડ કંપનીનું પીકપ ડાલુ નં.જીજે.૧૮.બીવી.૬૫૩૧ જેની કિં.રૂા.૨,૦૦,૦૦૦/- તથા એકટીવા નં.જીજે.૦૧.એક્સએલ.૮૦૨૯ ની કિં.રૂા.૪૦,૦૦૦/- ગણી મળી કુલ કિં.રૂા.૩,૬૧,૫૪૦/-ના મુદામાલ સાથે આરોપી નં.૧ થી ૪ સ્થળ ઉપરથી મળી આવી તથા આ કામે આરોપી નં.૨ નાઓ ગૈમાંશ આરોપી નં.૫ મોઇન ઉર્ફે પહાડી સ/ઓ મુસ્તાક અહેમદ કુરેશી નાઓ વેચાણ આપી આર્થિક ફાયદો મેળવી તથા ગુન્હો કરવામાં એક-બીજાની મદદગારી કરી અને જીલ્લા મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં આપતા તેના આધારે આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ) તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

**(પુરવણી ચાર્જશીટ સેશન્સ કેસ નં.૨૫/૨૦૨૬ આ** કામના આરોપી તથા અગાઉ પકડાયેલ આરોપીઓ પૈકી આ.નં.૧ બંને બાપ-દિકરો પોતાના જામળા ગામના આસપાસના વિસ્તારમાંથી નબળી તથા દુધ આપતી ન હોય તેવી ગાયો-ભેંસો સસ્તી કિંમતે વેચાણથી લાવી જે જીવતી ગાયો-ભેંસો પોતાના ઘરે અમદાવાદથી અગાઉ પકડાયેલ આરોપી નં.૨, ૩, ૪ ને બોલાવી લઇને ગાયો-ભેસોંની ક્રુરતા પુર્વક હત્યા કરાવડાવી આર્થિક ફાયદો

મેળવતા હતા તેમજ તા.૨૨/૦૮/૨૦૨૪ના કલાક-૨૦/૦૦ વાગે મોજે જામળા, ગામે ઢાંકણીવાસ, ખાતે આ કામના તહોમતદાર નં.૧ના ઘરમાં પોતાના આર્થિક ફાયદા સારુ સાથે મળી ગે.કા.રીતે ગાયોનું કતલ કરી સમાજના બહોળા વર્ગની લાગણી દુભાય તેવું કૃત્ય કરી ગૌમાંસ આશરે-૨૭૭/-કિલો કિં.રૂ.૫૫,૪૦૦/-ના તથા ગૌવંશ કતલ તગા હેરાફેરીમાં વપરાતાં હથિયારો તથા વાહનો નાના મોટા છરા નં.૦૩, તથા કુહાડી નંગ-૦૧ તથા વજન કાંટો નંગ.૦૧, તથા દોરડા નંગ.૦૨, તથા લોડીંગ રીક્ષા નં.જીજે.૨૭.વી.૨૬૧૪ જેની કિં.રૂ.૫૦,૦૦૦/- તથા અશોક લેલન્ડ કંપનીનું પીકપ ડાલુ નં.જીજે.૧૮.બીવી.૬૫૩૧ જેની કિં.રૂ.૨,૦૦,૦૦૦/- તથા એકટીવા નં.જીજે.૦૧.એક્સએલ.૮૦૨૯ ની કિં.રૂ.૪૦,૦૦૦/- ગણી મળી કુલ કિં.રૂ.૩,૬૧,૫૪૦/-ના મુદામાલ સાથે આરોપી નં.૧ થી ૪ સ્થળ ઉપરથી મળી આવી તથા આ કામે આરોપી નં.૨ નાઓ ગૌમાંશ આરોપી નં.૫ મોઇન ઉર્ફે પહાડી સ/ઓ મુસ્તાક અહેમદ કુરેશી નાઓ વેચાણ આપી આર્થિક ફાયદો મેળવી તથા ગુન્હો કરવામાં એક-બીજાની મદદગારી કરી અને જીલ્લા મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે.)

**(૨)** આરોપીઓ વિરૂદ્ધ ઉપરોકત ગુના અંગેની ફરિયાદ દાખલ થતા તપાસ એજન્સી દ્ધારા જરૂરી અને યોગ્ય તપાસ કરી આરોપીઓ વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ) તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરતો પુરાવો મળી આવતો હોઈ આરોપીઓ વિરૂદ્ધ સદરહુ ગુના અંગ મે.એડી. જયુડી. મેજી. ફ.ક.શ્રી, કલોલનાઓની કોર્ટમાં ક્રિ.પ્રો.કોડ કલમ-૧૭૩ અન્વયે ચાર્ઝશીટ કરેલ, જેનો ક્રિ.કેસ નં.૩૦૭૧/૨૦૨૫ હતો, પરંતુ આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુનાઓ પૈકી બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૧૯ તથા

ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ) તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ અન્વયેનો કેસ ચલાવવાની સત્તા તેમને ન હોઈ સદર કામ અત્રેની અદાલતમાં કમીટ કરી મોકલી આપેલ છે.

(૩) ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૧ હેઠળ **સેશન્સ કેસ નં.૨૦/૨૦૨૫ માં આંક-૧૪ અને સેશન્સ કેસ નં.૨૫/૨૦૨૬** આંક -૩ થી બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ) તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને તેને લગત આરોપીઓના નિવેદન સેશન્સ કેસ નં.૨૦/૨૦૨૫ **આંક-૧૫ થી આંક-૧૮ અને સેશન્સ કેસ નં.૨૫/૨૦૨૬ આંક-૪** થી નોંધવામાં આવેલ, જેમાં આરોપીઓએ તેમની વિરૂદ્ધના ગુનાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. સદર કામે જાહેરમાં કોઈ કૃત્ય થયેલ હોય અને જાહેર જનતાને જોઈ તે જનતાની લાગણી દુભાઈ હોય તેવું ચાર્જશીટના પેપર્સ જોઈ જણાતું નથી. માટે આ બી.એન.એસ.એસ.ની કલમ-૨૯૯ નો ચાર્જફ્રેમ થઈ શકે નહીં.

(૪) સદર કામે ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો આક્ષેપ પુરાવા કરવા માટે ઉપર જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે દ્વારા વધુ પુરાવો રજૂ કરવા માંગતા નહી હોવાનું જણાવતા, ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર થયેલ છે. આ

કામે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે.

(૬) આ કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.એચ.જોશીની તથા આરોપી તરફે વિ.વ.શ્રી આર.એ.શેખની મૌખિક દલીલો સાંભળી અને આરોપી તરફે આંક–૬૪ થી લેખિત દલીલો અને આંક–૬૫ થી પુરાવાઓનું લીસ્ટ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ.

(૭) આ કામે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરેલ છે કે, આ કામના આરોપીઓ તથા આરોપી નં.૬ તા.૨૨/૦૮/૨૦૨૪ના કલાક–૨૦/૦૦ વાગે મોજે જામળા, ગામે ઢાંકણીવાસ, ખાતે આ કામના તહોમતદાર નં.૧ના ઘરમાં પોતાના આર્થિક ફાયદા સારુ સાથે મળી ગે.કા.રીતે ગાયોનું કતલ કરી સમાજના બહોળા વર્ગની લાગણી દુભાય તેવું કૃત્ય કરી ગૌમાંસ આશરે–૨૭૭/– કિલો કિં.રૂા.૫૫,૪૦૦/–ના તથા ગૌવંશ કતલ તગા હેરાફેરીમાં વપરાતાં હથિયારો તથા વાહનો નાના મોટા છરા નં.૦૩, તથા કુહાડી નંગ–૦૧ તથા વજન કાંટો નંગ.૦૧, તથા દોરડા નંગ.૦૨, તથા લોડીંગ રીક્ષા નં.જીજે.૨૭.વી.૨૬૧૪ જેની કિં.રૂા.૫૦,૦૦૦/– તથા અશોક લેલન્ડ કંપનીનું પીકપ ડાલુ નં.જીજે.૧૮.બીવી.૬૫૩૧ જેની કિં.રૂા.૨,૦૦,૦૦૦/– તથા એકટીવા નં.જીજે.૦૧.એક્સએલ.૮૦૨૯ ની કિં.રૂા.૪૦,૦૦૦ /– ગણી મળી કુલ કિં.રૂા.૩,૬૧,૫૪૦/–ના મુદામાલ સાથે આરોપી નં.૧ થી ૪ સ્થળ ઉપરથી મળી આવી તથા આ કામે આરોપી નં.૨ નાઓ ગૌમાંશ આરોપી નં.૫ મોઇન ઉર્ફે પહાડી

સ/ઓ મુસ્તાક અહેમદ કુરેશી નાઓ વેચાણ આપી આર્થિક ફાયદો મેળવી તથા ગુન્હો કરવામાં એક–બીજાની મદદગારી કરી અને જીલ્લા મેજી.શ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ સાંતેજ પોલીસ સ્ટેશનમાં આપતા તેના આધારે આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ–૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી કુરતા અધિનિયમ–૧૯૬૦ની કલમ–૧૧(૧)(એલ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**૧. અંશત : હકારમાં.**
**૨. આખરી હુકમ મુજબ.**

## <u>કા ર ણો</u>

(૯) ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી જે.એચ.જોશીનાઓએ એવી દલીલ કરેલ છે કે, સદર કામે આરોપીઓ વિરૂદ્ધનો ગુનો સંપુર્ણ પુરવાર કરેલ હોય માટે આરોપીઓને કાયદામાં પ્રસ્થાપિત મહત્તમ સજા કરવા દરગુજર કરેલ છે.

(૧૦) આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.એ.શેખ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, સદર ગુનાના તમામ સંજોગો ધ્યાને લેવામાં આવે તો

આ કામના આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ છોડી મૂકવા અરજ ગુજારેલ છે.

**મુદ્દા નંબર :– ૧**

**(૧૧)** સદર ગુનાના કામે આંક–૨૨ થી ડૉ.જીગ્નેશકુમાર વિષ્ણુભાઇ પટેલને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ પશુ ચિકીત્સક તરીકે નડીયાદ ખાતે ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૪ માં તેઓ લોદરા પશુ દવાખાને પશુ ચિકીત્સા અધિકારી તરીકે તેઓની ફરજ પર હતા ત્યારે તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ પશુ દવાખાના, જામળા, તા.માણસાનાં પશુ ચિકીત્સા અધિકારી રજા પર હોય તેઓનો ચાર્જ તેઓની પાસે હતો તે દરમીયાન તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ કલોલ તાલુકા પો.સ્ટે. તરફથી કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે નોંધાયેલ ફ.ગુ.ર.નં–૬૧૦/૨૦૨૪ નાં કામે એક લેખીત યાદી તેઓની તરફ મોકલી આપવામાં આવેલ જે યાદી રીસીવ કર્યા અંગેની સહી તેઓએ તેમાં કરેલ જે અસલ આંક–૨૩ થી રજુ કરેલ છે. જે યાદીનાં આધારે તેઓ તથા ડો.આરતી કાપડી કે જેઓ બિલોદરા ખાતે પશુ ચિકીત્સા અધિકારી તરીકે તેમજ બીજા ડો. પરેશ વીરપારી કે જેઓ માણસા ખાતે પશુ ચિકીત્સા અધિકારી તરીકે ફરજ બજાવતા હતા તેઓની સાથે જામળા ખાતે બનાવવાળી જગ્યાએ પહોંચેલા અને તે જગ્યાએ ઢાંકણીવાસ ખાતે જે મકાન આવેલ હતું તેમાંથી કતલ થયેલા પશુઓનાં કુલ સાત સેમ્પલ તેઓએ લીધેલા અને તે સેમ્પલ યોગ્ય રીતે સોડીયમ કલોરાઇડમાં પ્રિર્જવ કરી તેને યોગ્ય રીતે સીલ કરી વધુ પૃથ્થકરણ કરવા સારૂ એફ.એસ.એલ. ખાતે મોકલવા હાજર પોલીસ કર્મચારી કે જેનો બકકલ નં–૭૨૪ હતો તેઓને આપેલા અને સેમ્પલ આપ્યા અંગેની તેઓએ જે સેમ્પલ કલેકશન રીપોર્ટ રજુ કરી તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે જે આંક–૨૪ થી રજુ છે અને આ સમગ્ર કાર્યવાહીમાં તેઓની સાથે હાજર રહેલા બંને પશુ ચિકીત્સા અધિકારીઓએ પણ તેઓની હાજરીમાં સહી કરેલી છે.

**(૧૧.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તા.૨૨ એ તેઓ પશુ દવાખાને લોદરા ખાતે તેઓની ફરજ પર હતા, આ લોદરા પશુ દવાખાને થી કલોલ તાલુકા પો.સ્ટે. આશરે ૩૩ થી ૩૫ કી.મી. દુર છે, પશુ દવાખાના લોદરાથી જામળા આવતા આશરે એક કલાક થાય, આંક–૨૩ વાળો પત્ર તેઓને બનાવવાળી જગ્યાએ જ પોલીસ સ્ટાફ ધ્વારા આપવામાં આવેલ પણ આ પહેલા પોલીસે ટેલીફોનીક મેસેજ આપેલો. એ હકીકત કબુલ રાખે છે કે આંક–૨૩ વાળી યાદી તેઓની તરફ મોકલેલ ન હતી પણ ટેલીફોનીક વાત થયેલી, ટેલીફોનીક વાતચીત સૌપ્રથમ એક કોન્સ્ટેબલ સાથે થયેલ તેઓનું નામ હાલ તેઓને યાદ નથી ત્યારબાદ સ્થળ પર ગયા પછી ત્યાં બીજો પોલીસનો સ્ટાફ હાજર હતો, બીજી વખત ટેલીફોન પર તેઓને કોઇ વાતચીત થયેલ નહી.એ હકીકત કબુલ રાખે છે કે આંક–૨૩ વાળા પત્રમાં રીસીવ કર્યા અંગેનો શેરો કે તારીખ લખેલ નથી, પશુ દવાખાનું સરકારી દવાખાનું કહેવાય. તેઓએ બેચલર ઓફ વેટરનરી સાયન્સ અને માસ્ટર ઓફ વેટરનરી સાયન્સનો અભ્યાસ કરેલ છે.એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ એફ.એસ.એલ.નો કોઇ અભ્યાસ કરેલ નથી, કોઇપણ વર્ધી આવે તેની નોંધ તેઓની કચેરીનાં રજીસ્ટરમાં કરવાની હોય છે. આંક–૨૩ વાળી યાદીની વર્ધીની નોંધ તેઓની કચેરીનાં રજીસ્ટરમાં કરેલ હતી કે કેમ તે કહી શકે નહીં. એ હકીકત કબુલ રાખે છે કે તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ કોઇ નોંધ થયેલ હતી કે કેમ અને નોંધ થયેલ હોય તો તેનાં ઉતારાની નકલ રજુ કરી શકે .એ હકીકત કબુલ રાખે છે કે આંક–૨૩ વાળા પત્રમાં સમય લખેલ નથી, આંક–૨૩ વાળા પત્રમાં ગુનાની ટુંકમાં વિગત લખેલ છે. તેઓ પશુ દવાખાનાં લોદરા મુકામેથી બપોરે અઢી થી ત્રણની વચ્ચે તેઓની પોતાની બાઇકમાં જામળા આવવા નીકળેલો અને આશરે ચાર વાગે જામળા પહોંચેલો, તેઓને સરકારી ગાડી આપવામાં આવતી નથી. તેઓને પૂછતાં, આંક–૨૪ વાળા રીપોર્ટમાં તેઓએ લીધેલા સેમ્પલ કયા સાધનમાં કેવી રીતે મુકેલા તેનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આ નમુના પોલીસે તમારી હાજરીમા સીલ

કરી પંચોની સહી લીધેલ હોય તેવો આ આંક–૨૪ વાળા રીપોર્ટમાં ઉલ્લેખ નથી ? તેઓએ આ નમુના લઇ આ તમામ સાત કંન્ટેઇનર પોલીસને સોંપી આપેલા. એ હકીકત કબુલ રાખે છે કેઆ સાત કંન્ટેઇનરનો ઉલ્લેખ આંક–૨૪ નાં રીપોર્ટમાં નથી, આંક–૨૪ નાં રીપોર્ટમાં આ માંસ ગૌમાંસ છે તેવું તેઓએ દર્શાવેલ નથી, તેઓએ આ જગ્યાએથી નમુના મેળવી એફ.એસ.એલ. કચેરી ખાતે મોકલવા માટે ભલામણ કરેલી. તેઓને પૂછતા, કોઇપણ માંસને યોગ્યા વાતાવરણમાં સાચવવામાં ન આવે તો આશરે ચાર કલાક બાદ ડીકંમ્પોઝ થવાનું શરૂ થાય. એ હકીકત કબુલ રાખે છે કે આ નમુનાં પોલીસે એફ.એસ.એલ. માં કેટલા સમય બાદ અને કેટલા દિવસ બાદ મોકલેલા તે તેઓ કહી શકે નહી, કોઇપણ માંસને બરફનાં કેન્ટેઇનરમાં મુકવામાં આવે તો અમુક સમય સુધી એ જ પરીસ્થીતીમાં સાચવી શકાય. તેઓને પૂછતાં, કોઇપણ માંસ ઉપર સોડીયમ કલોરાઇડ નાખવામાં આવે તો તે માંસ ૨૦–૩૦ કલાક બાદ ઓગળી જાય ? તે તેઓ કહી શકે નહીં. એ હકીકત કબુલ રાખે છે કે ઓગળી ગયેલ માંસનું પરીક્ષણ થઇ શકે નહી, આ આંક–૨૪ વાળો રીપોર્ટ તેઓની કચેરીમાં બેસીને બનાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવવાળી જગ્યાએ બનાવેલો, આંક–૨૪ વાળો પત્ર તેઓની પાસેથી જે પોલીસ સ્ટાફ હાજર હતો તેઓએ રીસીવ કરેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમાં બકકલ નંબર લખેલ છે. આંક–૨૪ વાળો રીપોર્ટ રીસીવ કર્યા બદલ તારીખ કે સમય લખેલ નથી. અન્ય હકીકતોને નકારી કાઢે છે.

**(૧૧.૨)** આમ આ તબીબી પુરાવા પ્રમાણે આંક–૨૩ અને ૨૪ માં બનાવવાળી જગ્યાએથી મળી આવેલ કતલ થયેલ પશુઓના શરીરના અલગ–અલગ અવયવો હતા એટલે કે બનાવવાળી જગ્યાએથી કતલ થયેલ પશુઓના અવશેષો મળી આવેલ તે જ એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેઓના મૌખિક પુરાવાથી આંક–૨૩ અને ૨૪ ના તમામ દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૨)** સદર ગુનાના કામે આંક-૨૫ થી પંચ વિષ્ણુભાઇ ડામરાભાઇ જોશીને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓને તથા મેહુલજી જસવંતજી ઠાકોરને કલોલ તાલુકા પો.સ્ટે.નાં સાહેબે કલોલ તાલુકા પો.સ્ટે. ખાતેની નારદીપુર પોલીસ ચોકી ખાતે બોલાવેલા તે વખતે ત્યાં પી.એસ.આઇ. તથા સ્ટાફનાં માણસો હાજર હતા અને તેઓએ તેઓને તથા મેહુલજીને એવી સમજ કરેલ કે પોલીસને ખાનગી રાહે એવી હકીકત મળેલ છે કે જામળા ખાતે ઢાંકણીવાસ ખાતે લાલાભાઇ મણીલાલ સેનમા તથા તેઓની સાથેનાં લોકો તેઓનાં ઘરે ગૌહત્યા કરે છે અને આ પ્રવૃતી ચાલુ છે એટલે રેડ કરવાની છે જેથી તેઓએ પંચમાં રહેવા સંમતિ આપતા નારદીપુર ખાતેથી અલગ-અલગ ખાનગી વાહનમાં નીકળી જામળા ખાતે જઇ આ લાલાભાઇ સેનમાનાં ઘરથી થોડે દુર ગાડી ઉભી રાખી બધા ચાલતા તેઓનાં ઘરે પહોંચેલા. આ ઘર જોતા ઢાંકણીવાસમાં દક્ષીણ દિશાનાં દરવાજાવાળું બે જાળીવાળું મકાન હતું અને તેની અંદર પ્રવેશ કરતા આ ઘરમાં ચાર ઇસમો હાજર હતા અને પાછળનાં ઓરડામાં ડાબી તરફ માંસ પડેલ હતું અને આ ચાર ઇસમો જે હાજર હતા તેઓ ગાય કાપી તેનું માંસ અલગ કરતા હતા અને પોલીસે આ ચાર ઇસમોને જે તે સ્થીતીમાં બેસી રહેવા જણાવી પોતાની અને પંચોની ઓખળ આપેલી. આ માંસ જોતા તેમાં ગાયનું ચામડું, પગ, શીંગડા, જઠરો હતા તથા આ જગ્યાએ બે લોખંડનાં છરા, એક સ્ટીલનો છરો, એક લાકડાનાં હાથાવાળી કુહાડી વિગેરે વસ્તુઓ હતી અને આ ઉપરાંત એક વજનકાંટો લટકતો હતો અને લાલાભાઇ સેનમા ત્યાં બેઠેલ હતા. આ ચાર ઇસમોની પોલીસે પુછપરછ કરતા પ્રથમ ઇસમે પોતાનું નામ લાલાભાઇ મણીલાલ સેનમા, રહે-જામળા, ઢાંકણીવાસવાળો હોવાનું જણાવેલ અને તેઓ પાસે છરા હતા એ સીવાય બીજુ શું હતું તે હાલ યાદ નથી.બીજા ઇસમનું નામ પુછતા પોતાનુ નામ વસીમ, રહે-જુહાપુરાવાળો હોવાનું જણાવેલ.ત્રીજા ઇસમનું નામ પુછતા પોતાનુ નામ મોહંમદ હોવાનું જણાવેલું. ચોથા ઇસમનું નામ પુછતા પોતાનું નામ સલમાન હોવાનું

જણાવેલું. પોલીસે આ લોકો પાસેથી હથીયારો કબ્જે લીધેલા અને બનાવવાળી જગ્યાએથી એકટીવા, ડાલું,ટેમ્પો પણ કબ્જે લીધેલા અને દોરડા પણ કબ્જે લીધેલા અને ત્યાં એક કાળા કલરની ગાય ઉભેલ હતી તેને દોરડું બાંધેલ હતું અને આ ઘરની બહાર નવ ગાયો, એક વાછરડું અને એક બળદ હતા. આ અંદર મળેલ માંસનું પોલીસે ત્યાં લટકતા કાંટા ઉપર વજન કરેલ જે ૨૭૭ કીલો માંસ હતું. ઉપરોકત તમામ વસ્તુઓ પોલીસે અમો પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબ્જે લીધેલ જે પંચનામું આંક-૨૬ થી રજુ કરેલ જેમા પંચ-૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. આંક-૨૭ થી ૩૫ સુધીના તમામ બનાવવાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ સર-સામાન તમામ મુદામાલ રજુ કરેલ છે. જે તમામ મુદામાલ અને આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

**(૧૨.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તેઓ રસોડામાં મજુરી કામ કરે છે. તેઓના રસોડાનું કામ નકકી નથી હોતું. મહીનામાં દસ દિવસ હોય બાકી ના પણ હોય. તેઓના ઘરેથી કલોલ તાલુકા પો.સ્ટે. ૧૩ થી ૧૫ કી.મી.નાં અંતરે આવેલ છે. તેઓના ઘરેથી કલોલ તાલુકા પો.સ્ટે. આવતા આશરે ૧૫-૨૦ મીનીટ થાય. તેઓને પી.એસ.આઇ. ગેલોત સાહેબે ફોન આશરે બે વાગે કરેલો. તેઓ કલોલ તાલુકા પો.સ્ટે. આશરે ૨:૨૦ કલાકે પહોંચેલો. તેઓને પ્રશ્ન પૂછતાં, તમે કલોલ તાલુકા પો.સ્ટે. પહોંચ્યા ત્યારે ત્યાં પોલીસે કોઇ લખાણ કરી તમારી સહી લીધેલી ? કલોલ તાલુકા પો.સ્ટે.થી સાહેબે તેઓને કહેલ કે નારદીપુર પોલીસ ચોકી ખાતે જયેન્દ્રભાઇ પનારાને મળી લો ત્યાંથી બાતમી મળેલ છે ત્યાં જવાનું છે. આ નારદીપુરમાં જયેન્દ્રભાઇ પનારાને મળવાનું છે તે હકીકત તેઓએ પંચનામામાં લખાવેલ નથી. આ નારદીપુર પોલીસ ચોકી પહોંચતા આશરે ૨૦ મીનીટ થયેલી. નારદીપુર જયેન્દ્રભાઇએ કોઇ લખાણ કરી તેઓની સહી લીધેલ હોય તેવું બનેલ નહી. નારદીપુર પોલીસ ચોકીમાં તેઓ આશરે દસ પંદર મીનીટ રોકાયેલા. નારદીપુર પોલીસ ચોકીથી જામળા પહોંચતા

આશરે ૧૫ મીનીટ થાય. તેઓને ખબર નથી કે કલોલ તાલુકા પો.સ્ટે.અને નારદીપુર પોલીસ ચોકીમાં સીસીટીવી લગાવેલ છે કે કેમ. એ હકીકત કબુલ રાખે છે કે બનાવવાળી જગ્યાની પોલીસે તેઓની હાજરીમાં વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ હોય તેવું બનેલ નહી, તેઓ એફ.એસ.એલ. નિષ્ણાત નથી, કહેવાતા માંસનું કોઈ પરીક્ષણ તેઓની હાજરીમાં કરવામાં આવેલ નથી. તેઓ પહોંચ્યા ત્યારે વેટરીનીટી ડોકટરને સાડા ચાર વાગે પોલીસે ફોન કરેલો. આ ડોકટર લોદરાથી આવેલા. એ હકીકત કબુલ રાખે છે કે આ ડોકટર આશરે પાંચ-સવા પાંચ વાગે જામળા મુકામે આવેલા. એફ.એસ.એલ. અધિકારી બનાવવાળી જગ્યા ઉપર પાંચ વાગ્યા બાદ આવેલા અને તેઓ આશરે એક કલાક રોકાયેલા, આ બંને વાહનો ખાલી હતા, લાલાભાઈનાં મકાનની આસપાસ બીજા રહેણાંકનાં મકાનો પણ હતા, આ જગ્યાએ આશરે દસ-બાર માણસો ભેગા થયેલા, આ લોકોનાં નામ-સરનામામાં પોલીસે તેઓની હાજરીમાં પુછેલ નહી, આ જે ભેગા થયેલા તે જામળા ગામનાં હતા, આ લોકો આશરે સાત-સાડા સાત વાગે આવેલા. આ એફ.એસ.એલ.વાળાએ પ્લાસ્ટીકનાં ડબામાં ગૌમાંસ અને બધા અવશેષો તપાસ માટે લઈ લીધેલા. આ એફ.એસ.એલ.વાળા પ્લાસ્ટીકનાં ડબ્બામાંનાં નમુના એ જ દિવસે પોલીસની રૂબરૂમાં લઈને ગયેલા. એ હકીકત કબુલ રાખે છે કે તેઓ એફ.એસ.એલ. કચેરીએ ગયેલ નહી, તેઓ લખાવતા હતા અને પોલીસ લખતી હતી તેવું બનેલું, આ કાર્યવાહી બાદ આશરે સાડા આઠ વાગે પોલીસ સ્ટેશને પહોંચેલા અને આ પંચનામુ જયેન્દ્રભાઈ પનારા લખતા હતા અને વાદળી કલરની પેનથી લખતા હતા. અન્ય તમામ હકીકતોને નકારી કાઢે છે.

**(૧૨.૨)** આમ આ પંચના પુરાવાથી એફ.એસ.એલ. અને ફરીયાદીના કથનને સમર્થન મળે છે અને આ પ્રમાણે બનાવવાળી જગ્યાએથી પંચની હાજરીમાં તમામ મુદામાલ કબજે લેવામાં આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેઓના મૌખિક પુરાવાથી આંક-૨૬ થી ૩૫ સુધીના દસ્તાવેજોમાં લખેલ

લખાણને સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૩)** સદર ગુનાના કામે આંક-૩૬ થી સાહેદ આનલબેન અરૂણભાઈ પ્રજાપતિને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તેઓ તલાટી કમ મંત્રી તરીકે પાલડી વ્યાસ ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૪ માં તેઓ જામળા ગ્રામ પંચાયત ખાતે તલાટી કમ મંત્રી તરીકે તેઓની ફરજ પર હતી તે દરમીયાન કલોલ તાલુકા પો.સ્ટે.નાં પી.એસ.આઇ. શ્રી આર.સી. ગેલોત ધ્વારા કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે નોંધાયેલ ફ.ગુ.ર.નં. ૬૧૦/૨૦૨૪ નાં કામે પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં-૧ લાલાભાઈ મણીલાલ સેનમા, રહે- જામળા ગામ, ઢાંકણીવાસ, તા.કલોલ, જી.ગાંધીનગર નું રહેણાંકનું મકાન કોની માલીકીનું છે તે અંગેની માહીતી ગ્રામપંચાયતનાં રેકર્ડમાથી ખાતરી કરી પુરી પાડવા સારૂ તેઓની તરફ લેખીત યાદી મોકલી આપવામાં આવેલ જે આંક-૩૭ થી રજુ કરેલ છે. જે યાદી સંદર્ભે ગ્રામ પંચાયતનાં રેકર્ડમાં ખાતરી કરેલ અને તે મુજબ આરોપી લાલાભાઈ મણીલાલ સેનમા ધ્વારા જે પાકુ બાંધકામ કરવામાં આવેલ તે જગ્યા જામળા તળાવ-ગૌચર-ગામઠા હેડે ચાલતી હોવાનું જણાઈ આવેલ અને તે મુજબ ગ્રામપંચાયતનાં રેકર્ડ પર ચડેલ ન હોવા અંગેનો રીપોર્ટ તેઓએ તેઓની સહીથી તૈયાર કરેલો અને તે રીપોર્ટમાં જે તે વખતનાં જામળા ગ્રામપંચાયતનાં વહીવટદારશ્રી હેતલબેન ત્રીવેદીની સહી કરાવેલ તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે. તેઓની સહીથી પી.એસ.આઇ. કલોલ તાલુકા પો.સ્ટે.ને મોકલી આપેલ રીપોર્ટ આંક-૩૮ થી રજુ કરેલ છે.

**(૧૩.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, આંક-૩૬ વાળી યાદી તેઓને પોલીસ તરફથી તા.૨૭/૦૭/૨૦૨૪ નાં રોજ મળેલી. એ હકીકત કબુલ રાખે છે કે આ આંક-૩૭ વાળી યાદીમાં ગુનાની ટુંકી હકીકત, એફ.આઇ.આર.નંબર અને આરોપીઓનાં નામ લખેલ હતા, બનાવની તેઓને જાતમાહીતી નથી. એ હકીકત કબુલ રાખે છે કે

આંક–૩૮ ના રીપોર્ટમાં ગાયોનું કતલખાનું પકડવામાં આવે હતું, સદર કતલખાનાવાળી જગ્યાની હકીકત પોલીસ યાદીનાં આધારે લખેલી.

**(૧૩.૨)** આમ આ સાહેદના પુરાવાથી આંક–૨૬ના ગુનાવાળી જગ્યાએથી મળી આવેલ તમામ મુદામાલ સદર ગુજરનાર આરોપી લાલાભાઇ સેનમાના કબજામાંથી કબજે લેવામાં આવેલ હતા તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેઓના મૌખિક પુરાવાથી આંક–૩૭ અને ૩૮ના દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન મળતું હોય તે તમામ ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૪)** સદર ગુનાના કામે આંક–૩૯ થી પંચ ઇશ્વરજી દાજીજી ચાવડા ને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તા.૨૭/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓને તથા સુરેન્દ્રસિંહ બળદેવસિંહને નારદીપુર આઉટપોસ્ટ બોલાવેલા અને જયાં પોલીસે તેઓને એવી હકીકત જણાવે કે આ ગૌમાંસ છે અને તેનો નીકાલ કરવાનો છે અને તેમાં તમારે પંચમાં રહેવાનું છે જેથી તેઓએ પંચમાં રહેવા સંમતિ આપેલ અને ત્યારબાદ ખાખી કલરનાં કવરમાં સાત પ્લાસ્ટીકનાં ડબ્બા હતા અને આ તમામમાં ગૌમાંસ હતું અને આ ડબ્બાઓ ઉપર અંગ્રેજીમાં લખાણ કરેલ હતું અને આ સાતેય ડબ્બામાંનાં અવશેષો નારદીપુર આઉટપોસ્ટની પાછળ ખાડો કરી તેમાં નાખી અને ઉપર મીઠું નાખી તે ખાડો પુરી દીધેલો, એ રીતનું પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલ. જે પંચનામું આંક–૪૦ થી રજુ કરેલ જેમાં જેમાં પંચ–૨ તરીકે તેઓની સહી અને પંચ–૨ તરીકે સુરેન્દ્રસિંહની સહી ઓળખી બતાવે છે. આ કામે તેઓની સાથેનાં બીજા પંચ સુરેન્દ્રસિંહ બળદેવસિંહ મરણ ગયેલ છે.

**(૧૪.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તેઓ ખેતી કરે છે અને કામ હોય તો જવાનું હોય છે. એ હકીકત કબુલ રાખે છે આ અગાઉ પણ આ કેસ સીવાય અન્ય કેસોમાં પંચ તરીકે સહીઓ કરેલ છે. આ ડબ્બા પોલીસે એફ.એસ.એલ.માં મોકલેલા નહી., સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એફ.એસ.એલ.માંથી આવેલ હતા. તેઓને સાંજે પાંચ

થી છ વાગે બોલાવેલો. પોલીસે તેઓની હાજરીમાં લખાણ કરેલું. આ માંસ કેટલા કીલો હતું તે તેઓને ખ્યાલ નથી. આ ડબ્બાઓમાં સીલ કરેલ હતા અને નાશ કરતી વખતે ખોલેલા. તેઓને પોલીસે આ મુદામાલ નાશ કરેલ તે સમયે કોર્ટની કોઇ પરવાનગી બતાવેલ નહી. આ ખાલી ડબ્બા પોલીસે પોતાની પાસે રાખેલ નહી.,સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નાશ કરેલો. આ ખાલી ડબ્બાઓનો નાશ કયાં કરેલો તેની તેઓને ખબર નથી.

**(૧૪.૨)** આમ આ પંચના પુરાવાથી મળી આવેલ તમામ મુદામાલ તેઓની હાજરીમાં પંચનામું કરી નાશ કરવામાં આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેઓના મૌખિક પુરાવાથી આંક-૪૦ ના દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન મળતું હોય તે તમામ ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ-૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૫)** સદર ગુનાના કામે આંક-૪૧ થી પ્રિયંક ગોકુળભાઇ ઠાકરને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, શ્રી જલારામ ગૌસેવા ટ્રસ્ટ ગાંધીનગર નામથી તેઓ જીવદયાની સંસ્થા ચલાવે છે અને તેમાં તેઓ ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ જામળા ખાતેથી પોલીસનો તેઓની ઉપર ફોન આવેલ કે લાલભાઇ સેનમા નામની વ્યકતીનાં ઘરમાં ગેરકાયદે કતલખાનું ચાલતું હોવાની જાણ તેઓની સંસ્થામાં કરવામાં આવી હતી જેથી સંસ્થાની એમ્બ્યુલન્સ અને બીજા ચાર ખાનગી વાહનોમાં તેઓની ગૌશાળામાં કુલ ૧૧ ગૌવંશ લાવવામાં આવેલા જેમાં નવ ગાયો, એક વાછરડું અને એક બળદ એ રીતનાં પશુઓ તેઓની સંસ્થામાં સાચવણી માટે લાવવામાં આવેલા અને તે અંગેનો દાખલો તેઓએ તેઓની સહીથી પોલીસને આપેલો જેમાં તેઓની સહી તથા સીકકો ઓળખી બતાવે છે જે આંક-૪૨ થી રજુ કરેલ છે. તે બાબતે તેઓએ પોલીસમાં જવાબ લખાવેલો.

**(૧૫.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓની જલારામ ગૌસેવા ટ્રસ્ટ પેથાપુર ખાતે આવેલ છે. તેઓને પોલીસથી ફોન આવેલ પણ કોનો આવેલો તેનું નામ ખબર નથી અને સાંજના

સમયે આવેલો. તેઓના ટ્રસ્ટમાં કોઈ ગુના અંગેનો મુદામાલ રાખવાની જોગવાઇ છે. જે જોગવાઇ રજુ કરીશ. એ હકીકત કબુલ રાખે છે આંક-૪૨ નાં દાખલામાં કોઈ ગુના રજીસ્ટર નંબર લખેલ નથી, આંક-૪૨ નાં દાખલામાં જે હકીકત "લાલાભાઈ સેનમાનાં ઘરમાં કતલખાનું ચાલતું હતું " તે પોલીસનાં કહેવાથી લખેલી, તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓની સંસ્થામાં અગીયાર ગૌવંશ રાખેલ તે બાબતની કોઈ રસીદ તેઓએ પોલીસને લખી આપેલ નહી. આ અગીયાર ગૌવંશ તેઓનો સ્ટાફ લેવા ગયેલો. આ જે અગીયાર ગૌવંશ તેઓને સોંપેલ તે ગૌવંશનાં વર્ણન સાથે પંચોની હાજરીમાં કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી. એ હકીકત કબુલ રાખે છે જે પશુ તેઓને ત્યાં આવે છે તેની ઓળખ માટે પશુ કાનમાં નંબર સાથેનાં ટેગ લગાડવામાં આવે છે અને તેનાંથી પશુની ઓળખ થાય છે. તેઓને ખબર નથી કે અગીયાર ગૌવંશને પોલીસે ઉપરોકત પ્રમાણેનાં કોઈ ટેગ લગાવેલ હતા કે કેમ. એ હકીકત કબુલ રાખે છે તેઓ આ ગૌવંશ લેવા ગયેલ ન હતો. તેઓના સ્ટાફનાં બે જણા એમ્બ્યુલન્સ લઈને ગયેલા. એ હકીકત કબુલ રાખે છે કોઈપણ પશુની માલીકી સાબીત કરવા માટે તે પશુની ગ્રામ પંચાયતમાં નોંધણી કરાવી પ્રમાણપત્ર મેળવવાનું હોય છે, આ અગીયાર ગૌવંશ કયા ગુનાનો મુદામાલ છે દર્શાવતો કોઈ પત્ર પોલીસે તેઓને આપેલ નથી, આ અગીયાર ગૌવંશ કોની માલીકીનાં છે તે દર્શાવતો કોઈ પુરાવો પોલીસે તેઓને આપેલ નહી, પોલીસે તેઓને કહેલ કે આ ગાયો કતલ કરવાની છે એટલે તેઓએ માની લીધેલું. પોલીસે તેઓને આ અગીયાર ગૌવંશ આ ગુનાનો મુદામાલ છે અને જયારે કોર્ટમાં જરૂર પડશે ત્યારે તમારે રજુ કરવો પડશે તેવું કહેલ નહી. એ હકીકત કબુલ રાખે છે તા.૨૨/૦૮/૨૦૨૪ થી આજદિન સુધી ઉપરોકત પ્રમાણેનાં અગીયાર ગૌવંશ કઈ પરીસ્થીતીમાં છે તે અંગેનું પ્રમાણપત્ર પોલીસે આજદિન સુધી તેઓની પાસે માંગેલ નથી, તેઓના પોલીસ રૂબરૂનાં જવાબમાં અને આંક-૪૨ નાં સર્ટીમાં ચાર ખાનગી વાહનો અને તેઓના સ્ટાફનાં બે માણસો એવું લખેલ નથી, તેઓનું નિવેદન પોલીસે તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ લીધેલું.

**(૧૫.૨)** આમ આ સાહેદ પુરાવા પ્રમાણે આંક–૪૨ ના પુરાવાથી આંક–૨૬ ની બનાવવાળી જગ્યાએથી તેઓએ ૧૧ ગૌવંશ મળી આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેઓના મૌખિક પુરાવાથી આંક–૪૨ ના દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન મળતું હોય તે તમામ ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૬)** સદર ગુનાના કામે આંક–૪૩ થી ફરીયાદી જયેન્દ્રકુમાર કાંતિલાલ પનારાને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ પો.હેડ.કોન્સ. તરીકે પોલીસ અધિક્ષકની કચેરી,ગાંધીનગર ફરજ બજાવે છે. તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓ કલોલ તાલુકા પો.સ્ટે.ની નારદીપુર આઉટપોસ્ટ ખાતે તેઓની ફરજ પર હતા તે દરમીયાન પી.એસ.આઇ.શ્રી. એ.કે.રાઠોડ, તેઓ તથા તેઓની સાથેનાં હે.કો.પ્રકાશભાઇ કુબેરભાઇ, વિજયસિંહ પ્રવિણસિંહ, પ્રવિણસિંહ અર્જુનસિંહ, ચેહોરભાઇ તથા અન્ય પોલીસ કર્મચારીઓ હાજર હતા અને બપોરેનાં સમયે ચેહોરભાઇને ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે જામળા ગામે, ઢાંકણીવાસમાં લાલાભાઇ મણીલાલ સેનમાનાં ઘરે લાલાભાઇ તથા અન્ય ઇસમો અંદરનાં ઓરડામાં ગેરકાયદેસર રીતે ગાયોની કતલ કરે છે અને હાલમાં એ પ્રવૃતિ ચાલુ છે અને કતલ કરી માંસનાં જથ્થાનું વેચાણ કરવાના છે જેથી પી.એસ.આઇ.સાહેબે નજીકમાંથી બે પંચોનાં માણસો વિષ્ણુભાઇ દામજીભાઇ જોષી અને મેહુલજી ઠાકોરને બોલાવેલા અને તેઓને હકીકતથી વાકેફ કરેલ અને નારદીપુર આઉટપોષ્ટથી પોલીસનાં માણસો અને પંચો ખાનગી વાહનમાં બેસી જામળા ગામે, ઢાંકણીવાસ ખાતે ગયેલા અને વાહનો બહાર મુકી ચાલતા લાલાભાઇ સેનમાનાં ઘરે ગયેલા જે ઘર જોતા દક્ષીણ દિશાનાં મોઢાવાળું, આગળ લોખંડની જાળી વાળું બે માળનું મકાન હતું અને ડાબી બાજુનાં ઓરડામાં ચાર ઇસમો હાજર હતા અને તેઓ ગાયની કતલ કરવાનું ચાલુ હતું અને ગાયોનું માંસ એક તરફ પડેલ હતું જેથી પી.એસ.આઇ. સાહેબે પોલીસ સ્ટાફની અને પંચોની ઓળખ આપેલી અને ઇસમોને જે તે

સ્થીતીમાં બેસી રહેવાની સુચના આપેલી. આ ઇસમો પાસે બે છરા, કુહાડી, વજનકાંટા વિગેરે વસ્તુઓ મળી આવેલ અને આ જગ્યાએ ગાયોનાં માથા અને પગ મળી આવેલા અને અવશેષો જોતા પ્રથમ દ્રષ્ટીએ જોતા આ ગૌમાંસ હોવાનું લાગેલું. ત્યારબાદ બીજા રૂમમાં જોતાં ત્યાં ગૌમાંસ પડેલ હતું તેમજ એક જીવતી કાળા કલરની શંકર એચ.એફ. પ્રકારની ગાય હતી તથા એક વજન કાંટો લટકાવેલો હતો. આ પકડાયેલ ઇસમો પૈકી પ્રથમ ઇસમનું નામ પુછતા લાલાભાઇ મણીલાલ સેનમા, રહે– ઢાંકણીવાળો વાસવાળો હોવાનું જણાવેલ અને તેની અંગજડતી કરતા તેની પાસેથી વીવો કંપનીનો એન્ડ્રોઇડવાળો મોબાઇલ અને એક નોકીયા કંપનીનો કીપેડ મોબાઇલ મળી આવેલો. બીજા ઇસમનું નામ પુછતા વસીમ કુરેશી, રહે– જુહાપુરા, અમદાવાદવાળો હોવાનું જણાવેલ અને તેની અંગજડતી કરતા તેની પાસેથી વીવો કંપનીનો એન્ડ્રોઇડવાળો મોબાઇલ મળી આવેલો. ત્રીજા ઇસમનું નામ પુછતા અસ્ફાક,રહે–અમદાવાદવાળો હોવાનું જણાવેલ અને તેની અંગજડતી દરમીયાન કોઇ મોબાઇલ મળી આવેલ નહી. ચોથા ઇસમનું નામ પુછતા તેણે પોતાનું નામ–સરનામુ જણાવેલ પરંતુ હાલ તેઓને યાદ નથી પરંતુ તેની અટક કુરેશી અને અમદાવાદનો રહેવાસી હોવાનું જણાવેલ અને તેની પાસેથી અંગજડતી દરમીયાન એક મોબાઇલ મળી આવેલો.

**(૧૬.૧)** તેઓ વધુમાં જણાવે છે કે, પ્રાથમિક દ્રષ્ટીએ સ્થળ પર મળી આવેલ માંસનો જથ્થો ગૌમાંસનો હોવાનું જણાઇ આવતા પી.એસ.આઇ. સાહેબે પો.સ્ટે. જાણ કરી એફ.એસ.એલ. તથા પશુ ચિકીત્સકને જાણ કરવા જણાવેલ અને મળી આવેલ ઇસમોને પોલીસ જાપ્તામાં રાખેલા. સૌપ્રથમ સ્થળ ઉપર લોદરાનાં પશુ ચિકીત્સક જીગ્નેશભાઇ પટેલ આવેલા અને તેઓએ જરૂરી સેમ્પલો મેળવી આપેલા અને તેઓએ તપાસ કરી પ્રાથમિક દ્રષ્ટીએ ગૌમાંસ હોવાનું જણાઇ આવતું હોવાનું જણાવેલ. ત્યારબાદ સ્થળ ઉપરથી એક મોટો રતાશ પડતા ડાઘાવાળો છરો, એક રતાશ પડતા ડાઘાવાળો નાનો છરો, એક લાકડાનાં હાથાવાળી કુહાડી, એક વજનકાંટો અને એક જીવતી

ગાય કબ્જે લેવામાં આવેલી. ત્યારબાદ આ મકાનની માલીકી અંગેનાં પુરાવા લાલાભાઇ પાસે માંગેલા પરંતુ કોઇ આધાર પુરાવા તેઓ પાસેથી મળી આવેલ નહી. પી.એસ.આઇ.શ્રી. ધ્વારા તેઓની હાજરીમાં લાલાભાઇની પુછપરછ કરતા લાલાભાઇએ જણાવેલ કે, " મારો દિકરો ભુપત આસપાસનાં ગામો માંથી દુધ ન આપતી હોય તેવી સસ્તી ગાયો સસ્તા ભાવે લાવી અમદાવાદથી આ લોકોએ બોલાવી ગાયોની કતલ કરાવી ગૌમાંસ અમદાવાદ વેચવા માટે લઇ જાય છે અને આજરોજ પણ લોડીંગ રીક્ષા અને એકટીવા લઇને આવેલ છે" અને પીકઅપ ડાલું લાલાભાઇનું જ હતું તેવું જણાવેલ. સદર ઘરની આગળ સાત મોટી ગાયો અને બે વાછરડા બાંધેલા અને તે બાબતે લાલાભાઇને પુછતા આ ગૌવંશ પણ તેઓનો દિકરો કતલ કરવાનાં હેતુથી લાવેલ હોવાનુ જણાવેલ અને તે ગૌવંશ નજીકની ગૌશાળામાં મોકલી આપવા તજવીજ કરવામાં આવેલી. આ ગૌમાંસ જે સંગ્રહ કરી શકાય તેવું ન હોય વજનકાંટાવાળાને બોલાવવા માટે પી.એસ.આઇ. સાહેબે વિજયસિંહને સુચના આપતા બોલાવી લાવેલા અને તે વજનકાંટાવાળાને નામઠામ પુછતા પોતાનું નામ પ્રકાશ સાલવી, રહે–નારદીપુરવાળો હોવાનું જણાવેલ અને તેણે પોતાની સાથે લાવેલ વજનકાંટા ઉપર કંતાનમાં માંસ ભરી તેનું વજન કરતા કુલ ૨૭૭ કી.ગ્રા. વજન થયેલું અને આ માંસનો સંગ્રહ કરી શકાય તેમ ન હોય નજીકમાંથી એક જે.સી.બી.મશીન મંગાવી તેનાં ધ્વારા ગૌચરમાં ખાડો કરાવી આ ગૌમાંસ તેમાં નાખી તેના ઉપર મીઠું નાખી દાટી દેવામાં આવેલું. આ સીવાય કાર્યવાહી દરમીયાન મળી આવેલ અન્ય વસ્તુઓ પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબ્જે કરવામાં આવેલ. સદર બનાવ બાબતે તેઓએ પી.એસ.આઇ.એ.કે.રાઠોડ રૂબરૂ તેઓની ફરીયાદ હકીકત જાહેર કરેલ જે આંક–૪૪ થી રજુ કરેલ છે. તેઓને મુદામાલ બતાવતા મુદામાલ પાવતી પ્રમાણે આંક–૨૭ થી આંક–૩૫ વાળો મુદામાલ બતાવવામાં આવે છે જે પંચનામાની વિગતે કબ્જે કરેલ તે જ છે. આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

(૧૬.૨) આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કોઈપણ કોગ્નીઝેબલ ગુનાની માહીતી મળે તે નોંધી લેવી પડે. આ તેઓના સહકર્મચારીને બાતમી મળેલ તે તેઓની હાજરીમાં તેઓના પો.સ્ટે.માં કોઇ જગ્યાએ નોંધાયેલ હોય તેવું બનેલ નથી. આ બાતમી તેઓ। સહકર્મચારીને તેઓની હાજરીમાં આશરે બપોરે ત્રણ વાગે મળેલી. એ હકીકત કબુલ રાખે છે આ બાતમી મળી ત્યારે નારદીપુર પોલીસ ચોકીએ તેઓ પણ હાજર હતો, બંને પંચો સીધા પ્રથમ વખત નારદીપુર પોલીસ ચોકીએ આવેલા, સામાન્ય રીતે પંચો જે તે વિસ્તારનાં પ્રતિષ્ઠીત નાગરીકો હોવા જોઇએ, આ જે બંને પંચો હતા તે ઢાંકણીવાસ, જામળા ગામનાં હતા નહી. આ પંચો નારદીપુર ગામમાંથી આવેલા. આ પંચોને બોલવવા કોણ ગયેલ તે યાદ નથી. આ પંચોને બોલવવા ગયા અને પંચો આવ્યા તેમાં આશરે દસ-પંદર મીનીટ થઇ હશે. એ હકીકત કબુલ રાખે છે આ પંચનામુ નારદીપુર આઉટપોસ્ટ લખેલું, બધી કામગીરી પતી ગઇ પછી નારદીપુર આઉટપોસ્ટ આવીને પંચનામુ લખેલું, પંચનામુ તૈયાર થયું ત્યારે પંચો ચોકીમાં હાજર હતા અને ત્યાંજ પંચોએ તેઓની હાજરીમાં સહી કરેલી. પંચનામુ લખવાની શરૂઆત કરી ત્યારે તેઓ હાજર હતો. એ હકીકત કબુલ રાખે છે આ ગુનો તેઓની ફરીયાદનાં આધારે દાખલ થયેલો, આ એફ.આઇ.આર.માં ગુનો બન્યા તારીખ/સમય ૨૦:૦૦ લખેલ છે, આ ફરીયાદ તેઓના સહકર્મચારીને જે બાતમી મળેલ અને આરોપીઓએ પી.એસ.આઇ.સાહેબ રૂબરૂ જે નિવેદનો આપેલા તેનાં આધારે દાખલ કરેલી. ગુનાવાળી જગ્યાની આસપાસ બીજા રહેણાંકનાં મકાનો હતા. એ હકીકત કબુલ રાખે છે આ બનાવવાળી જગ્યાએ મોડા આશરે દસ-પંદર વ્યકતીઓ ભેગા થયેલા અને આ માણસો ઢાંકણીવાસ અને આસપાસનાં વિસ્તારનાં જામળા ગામનાં હતા. આ જે માણસો ભેગા થયેલા તેમાંનાં એક બે લોકોનાં નામ-સરનામા પી.એસ.આઇ. રાઠોડે પુછેલા જે નામ હાલ તેઓને યાદ નથી, આ બનાવવાળી જગ્યાએ કોઇ માંસ પડેલ હોય કે ગાયો હોય તે અંગેની ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી મારી હાજરીમાં કરવામાં આવેલ ન હતી, તેઓની હાજરીમાં ગુનાવાળી જગ્યાનો કોઇ

નકશો બનાવેલ નથી, કોઇ જગ્યાએ રેડ કરવાની હોય તો તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવી પડે. જે તે સમયે આ પો.સ્ટે.માં આશરે ચાર સરકારી ગાડીઓ હતી. આ ચાર ગાડીઓમાંથી એક પણ ગાડી લઇને રેડ કરવા ગયેલા નહી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ખાનગી વાહન લઇને રેડ કરવા ગયેલા. રેડમાં કેટલા ખાનગી વાહન લઇ ગયેલા તે હાલ યાદ નથી કે તે વાહનોનાં નંબર પણ યાદ નથી. એ હકીકત કબુલ રાખે છે રેડ કરવા ગયેલા ત્યારે પંચો અને પોલીસનાં માણસો ખાનગીવાહનમાં ગયેલા તે સીવાય બીજી કોઇ વસ્તુઓ તેઓની સાથે ન હતી. એ હકીકત કબુલ રાખે છે આ કામની ફરીયાદ લખાવી અને તેમાં સહી કરી ત્યાં સુધી આ માંસ ગૌમાંસ હતું તેવો કોઇ એફ.એસ.એલ. રીપોર્ટ તેઓની પાસે હતો નહી. એફ.એસ.એલ. અધિકારી સ્થળ ઉપર કેટલા વાગે આવેલા તે ચોકકસ સમય યાદ નથી કે આશરે પણ કહી શકે નહી કે તેઓ પહોંચ્યાનાં કેટલા સમય બાદ એફ.એસ.એલ. અધિકારી સ્થળ ઉપર આવેલા. એફ.એસ.એલ. અધિકારીએ તેઓની હાજરીમાં કેટલા નમુના લીધેલા તે હાલ ચોકકસ તેઓને યાદ નથી. તેઓની હાજરીમાં એફ.એસ.એલ. અધિકારીએ નમુના લઇ સીલ કરેલ હોય અને પંચોની સહીવાળી સ્લીપ મુકેલ હોય તેવું તેઓની ફરીયાદમાં દર્શાવેલ નથી. આ એફ.એસ.એલ. અધિકારી કેટલા વાગે ગયેલા તે પણ તેઓને ખબર નથી. સ્થળ ઉપર તેઓના પોલીસ અધિકારીએ જે કાર્યવાહી કરેલ તેનાંથી તેઓ વાકેફ છે. તેઓને પૂછતાં, સ્થળ ઉપર તમારા અધિકારીએ લેખીત અને મૌખીક શું કાર્યવાહી કરેલી તેઓના અધિકારીએ આ સ્થળ ઉપર પંચનામુ કરેલું અને ઉપર લખાવેલ તે પ્રમાણેની કાર્યવાહી કરેલી, એ સીવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નહી. એ હકીકત કબુલ રાખે છે લાલાભાઇ સેનમાની પુછપરછ કરેલ ત્યારે તેઓ પોલીસ જાપ્તા હેઠળ હતા અને તેઓએ તેઓની સરતપાસમાં દર્શાવેલ પ્રમાણેની હકીકત તેઓની સમક્ષ લખાવેલી તે પોલીસ જાપ્તા હેઠળ હતા ત્યારે લખાવેલી. તેઓએ ફરીયાદ લખાવતા પહેલા વેટરનીટી ડો.જીગ્નેશભાઇ પટેલનાં રીપોર્ટનો અભ્યાસ કરેલ નહી. એ હકીકત કબુલ રાખે છે તેઓ જાતે કોઇપણ માંસ શેનું માંસ તે ઓળખી શકે નહી, આ હથીયારોનું કોઇ વર્ણન તેઓની ફરીયાદમાં

લખાવેલ નથી. આ હથીયારોથી કહેવાતું માંસ કાપવામાં આવેલ હતું તેની ચકાસણી માટે આ હથીયારો એફ.એસ.એલ. અધિકારી તેઓની હાજરીમાં લઇ ગયેલ હોય તેવું બનેલ નહી. એ હકીકત કબુલ રાખે છે લોડીંગ રીક્ષા અને ડાલું જે તેઓની હાજરીમાં કબ્જે લેવામાં આવેલ તેમાંથી કોઇ ગુનાહીત ચીજવસ્તુ મળી આવેલ નહી, આસપાસનાં રહેવાસીઓ પણ ગાય-ભેંસ પાળતા હતા અને બાંધીને રાખતા હતા, તેઓની ફરીયાદમાં આ કહેવાતી સાત ગાયોનું વર્ણન ફરીયાદમાં લખાવેલ નથી. આ ગાયોને પાંજરાપોળ મોકલતા પહેલા તેઓએ જાતે કોર્ટની પરવાનગી લીધેલ ન હતી. એ હકીકત કબુલ રાખે છે તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ આવી કોઇ ગાયો ગૌશાળાએ સ્વીકારેલ હોય અને તેની કોઇ પાવતી કે લેટર આપેલ હોય તેનો ઉલ્લેખ તેઓની ફરીયાદમાં કરેલ નથી. આ ગાયોને ગૌશાળાવાળા લઇ ગયા ત્યારે તેઓ ત્યાં હાજર હતા. આ ગાયો લેવા કેટલા લોકો આવેલા તે તેઓને ખબર નથી. આ લોકો એક પશુ લઇ જવાની એમ્બ્યુલન્સ અને બીજી એક-બે ગાડી લઇને આવેલા. આ ગાયોને સોંપી ત્યારે તેનું વર્ણન દર્શાવતુ પંચનામુ કરેલ હોય તે તેઓની ફરીયાદમાં દર્શાવેલ નથી કે આવું કોઇ પંચનામુ તેઓની હાજરીમાં કરવામાં આવેલ નથી. તેઓની હાજરીમાં આ જે ગાયો ગૌશાળાને સોંપી તે સમયે તેનાં કાન ઉપર કોઇ ઓળખ અંગેનાં નંબરવાળા ટેગ લગાડવામાં આવેલ નહી. એ હકીકત કબુલ રાખે છે આ કહેવાતું માંસ હતું તે આ ગુનાનો મુદામાલ હતું, કોઇપણ ગુનાનો મુદામાલ સક્ષમ કોર્ટની પરવાનગી સીવાય નાશ કરી શકાય નહી, ૨૭૭ કી.ગ્રા.ની વજનની પાવતી તેઓની હાજરીમાં આપવામાં આવેલ નહી, મુદામાલ નાશ કરવાની કોઇ કાર્યવાહી તેઓની હાજરીમાં કરવામાં આવેલ નથી, આ કામની ફરીયાદ આપી તે પહેલા જ મુદામાલ માંસનો નાશ કરવામાં આવેલો. તમામ કાર્યવાહી પુર્ણ કર્યા બાદ કલાક ૨૦:૦૦ પછી આવેલા. કલાક ૨૦:૦૦ પછી પરત પો.સ્ટે. આવીને ફરીયાદ વિગેરે કોમ્પ્યુટરમાં નાખવામાં આવેલું. આ તમામ કાર્યવાહી કરવા માટે એક કલાકથી વધારે સમય ગયેલ હતો. અન્ય હકીકતોને નકારી કાઢે છે.

**(૧૬.૩)** આમ આ ફરીયાદીના પુરાવા પ્રમાણે આંક–૨૬ ની બનાવવાળી જગ્યા અંગે તેઓના સહકર્મચારીને બાતમી મળતા તેઓ રેડ કરવા ગયેલ સદર જગ્યાએથી ગૌમાંસ અને ગૌવંશ મળી આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેઓના મૌખિક પુરાવાથી આંક–૪૪ ના દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન મળતું હોય તે તમામ ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૭)** સદર ગુનાના કામે આંક–૪૫ થી પોલીસ સાહેદ બાલુસિંગ ગુલાબસિંગ સોલંકીને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, સદર કામે આરોપી વિઠ્ઠલ ભુપતભાઇ કાળુભાઇ પાછળથી પકાડયેલ હોય જેથી મુખ્ય ચાર્જશીટમાં તેઓનું અટક પંચનામું ન હોવાથી સે.કે.નં–૨૫/૨૦૨૬ નાં અટક અંગેનો પુરાવો આ કામે લેવાનો હુકમ કરવામાં આવે છે. હાલ તેઓ પો.હેડ.કોન્સ તરીકે ચીલોડા પો.સ્ટે. ખાતે ફરજ બજાવે છે. તા.૧૩/૧૨/૨૦૨૪ નાં રોજ નાસતા–ફરતા આરોપીઓ પકડવાની પી.એસ.આઇ.શ્રી.બી.એચ.ઝાલાની ટીમમાં કાર્યરત હતા તે વખતે તેઓ તથા એ.એસ.આઇ.દિલીપસિંહ બળદેવજી તથા પો.કોન્સ નીકુલકુમાર મનાજી તથા પો.કો. વિરેન્દ્રસિંહ દશરથસિંહ પી.એસ.આઇ.શ્રી.નાં માર્ગદર્શન હેઠળ નાસતા–ફરતા આરોપીઓની વોચ–તપાસ દરમીયાન સાથેનાં પો.કો. નિકુલકુમાર તથા વિરેન્દ્રસિંહનાઓને સંયુકત બાતમી મળેલ કે કલોલ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં–૬૧૦/૨૦૨૪ નાં કામનાં આરોપી વિઠ્ઠલ ઉર્ફે ભુપત, રહે–જામળાવાળો ઉપરોકત ગુનામાં નાસતો ફરતો છે અને હાલમાં વિસનગર ખાતે તેની સાસુનાં ત્યાં રહી મજુરી કામ કરે છે અને આજરોજ તે પોતાની પત્નીને મળવા જામળા ખાતે આવનાર છે તે બાતમીનાં આધારે તેઓ તથા ઉપરોકત પોલીસનાં માણસો ખાનગી વાહનમાં વેશપલટો કરી જામળા જઇ ત્યાં વોચ રાખી તપાસમાં બેસતા જામળા બસસ્ટેન્ડની બાજુમાંથી રોડ ઉપરથી એક ઇસમ મળી આવેલ અને તેનું નામઠામ પુછતા નામ વિઠ્ઠલ ઉર્ફે ભુપત કાળુભાઇ ઉર્ફે લાલાભાઇ સેનમા, રહે–જામળા, તા.કલોલ, જી.ગાંધીનગર

હોવાનું જણાવતા હોય તેની વધુ પુછપરછ અર્થે એલ.સી.બી.-૨ કચેરી ખાતે લઇ જઇ નજીકમાંથી બે પંચોનાં માણસો બોલાવી તેની શરીરસ્થીતીનું કલાક ૧૧:૦૦ થી ૧૧:૩૦ સુધીનું પંચનામુ રૂબરૂનું કરેલ અને પુછપરછ દરમીયાન તેણે બનાવ વિશેની હકીકત પંચો રૂબરૂ તેઓની હાજરીમાં જણાવેલ અને પોતની સાથેનાં અન્ય આરોપીઓ અગાઉ પકાડઇ ગયેલ હોય પોતે ચાર માસથી નાસતો ફરતો હતો તેવી હકીકત જણાવતા સદર આરોપીને હસ્તગત કરેલો. તેઓએ કરેલ કામગીરી અંગેનો વિગતવારનો રીપોર્ટ પી.એસ.ઓ. કલોલ તાલુકા પો.સ્ટે.ને સંબોધીને તા.૧૩/૧૨/૨૦૨૪ નાં રોજ કરેલો, તેઓએ બી.એન.એસ.એસ.કલમ-૩૫(૧)(જે) મુજબ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા તથા કાગળો તથા આરોપી સંભાળી લેવા અંગે જે રીપોર્ટ કરેલ તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે અને પી.એસ.ઓ.એ. તે જ તારીખે આ રીપોર્ટ રીસીવ કર્યા અંગેનો શેરો મારેલ છે આંક-૪૬ થી રજુ કરેલ છે. આરોપીની હસ્તગત કરી તેની શરીર સ્થીતીનું પંચનામું બે પંચોની હાજરીમાં કરેલ તે બતાવવામાં આવે છે જેમાં બે પંચોએ તેઓની રૂબરૂમાં સહી કરેલ અને રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે જે આંક-૪૭ થી રજુ છે. આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

**(૧૭.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ આરોપીની બાતમી હકીકત તા.૧૩/૧૨/૨૦૨૪નાં રોજ તેઓની સાથેનાં નિકુલકુમાર અને વિરેન્દ્રસિંહને મળેલ, તેઓને મળેલ ન હતી. આ બાતમી તેઓને મળેલ ન હોવાથી તેઓએ સ્ટેશન ડાયરીમાં કોઇ નોંધ કરેલ ન હતી. આ બાતમી મળ્યા બાદ તેઓ વિસનગર જઇ કોઇ તપાસ કરેલ નહી. તેઓને ખબર નથી કે જામળા બસ સ્ટેન્ડ પાસે સીસીટીવી કેમેરા લગાવેલ છે કે કેમ. એ હકીકત કબુલ રાખે છે જામળા બસ સ્ટેન્ડની આસપાસ ઘણીબધી ચાની કીટલી અને દુકાનો આવેલ છે. તેઓને ખબર નથી કે આ દુકાનો અને કીટલીઓ પર સીસીટીવી કેમેરા લગાવેલ છે કે કેમ. તેઓ વેશપલટો કરીને એક દિવસ માટેનો કેમ્પ કરી ત્યાં રોકાયેલા. એ હકીકત કબુલ રાખે છે આ કેમ્પ કર્યો ત્યાં લોકોની અને વાહનોની અવરજવર ચાલુ હતી. આ જે કેમ્પ

કરેલો તે અંગે તેઓએ જાતે કોઈ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી. આ જામળા ગામનાં બસ સ્ટેન્ડેથી આરોપીને પકડેલો ત્યારે આસપાસથી કોઇને બોલાવીને પંચનામુ કરેલ ન હતું. એલ.સી.બી. કચેરીમાં ભુપતની પુછપરછ કરેલી ત્યારે તે તેઓની જોડે હતો.એ હકીકત કબુલ રાખે છે આ ભુપતને પુછપરછ કરેલ તે સમયે તેની પાસેથી કોઇ ગુનાહીત મુદામાલ કે ચીજવસ્તુ મળી આવેલ ન હતી. તેઓને પૂછતાં, બી.એન.એસ.એલ.ની કલમ – ૩૫(૧) મુજબ અટક કર્યા અંગે તેનાં કાકા પરશોત્તમભાઈ શનાભાઈ સેનમાને જાણ કરી તે પછી આરોપી વિઠ્ઠલ ઉર્ફે ભુપતને અટક કરી અટક મેમો કે એરેસ્ટ મેમો બનાવેલ નથી કે કેમ જેમાં જણાવેલ કે આરોપી ભુપતની તેઓએ અટક કરેલ નથી પરંતુ કલોલ તાલુકા પો.સ્ટે.નાં પી.એસ.ઓ.ને સોંપેલો.એ હકીકત કબુલ રાખે છે આ આરોપી ભુપતને કોણે અટક/એરેસ્ટ કરેલો તે તેઓને ખબર નથી.

**(૧૭.૨)** આમ આ પોલીસ સાહેદના પુરાવા પ્રમાણે નાસતા ફરતા આરોપી ભુપતની સદર કામે બાતમી મળતાં પાછળથી અટક કરેલ તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેઓના મૌખિક પુરાવાથી આંક–૪૬ અને ૪૭ ના દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન મળતું હોય તે તમામ ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૮)** સદર ગુનાના કામે આંક–૪૮ થી ઈકબાલશા ઈમામશા ફકીરને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તા.૧૩/૧૨/૨૦૨૪નાં રોજ તેઓને તથા રાજન મલહોત્રાને એલ.સી.બી.–૨ કચેરી, ગાંધીનગર ખાતે બોલાવેલા તે વખતે ત્યાં પોલીસનાં માણસો અને એક વ્યકતી હાજર હતી અને તેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતાનું નામ વિઠ્ઠલભાઈ ઉર્ફે ભુપત હોવાનું જણાવેલ અને તેણે શરીરે વાદળી કલરનો શર્ટ અને જીન્સનું પેન્ટ પહેરેલ હતું પણ પેન્ટ કલર હાલ તેઓને યાદ નથી, તેણે ગુનાની હકીકત પંચો રૂબરૂ કહી સંભળાવેલી. જે આંક–૪૭ વાળું પંચનામામાં પંચ–૨ તરીકે

તેઓની તથા પંચ–૧ તરીકે રાજનભાઈની સહી ઓળખી બતાવે છે. આરોપી વિઠ્ઠલ કાળુભાઈ સેનમાને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

**(૧૮.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ છુટક મજુરી જયાં મળે ત્યાં કરે છે અને સવારે નવ વાગે નીકળે અને સાંજે છ વાગ્યા સુધી કામ કરે છે.તેઓ તાર ફેન્સીંગ કરતા હતા ત્યાં એક પોલીસ કર્મચારી સાડા દસ વાગે બોલાવવા આવેલા. પોલીસ તેઓને એલ.સી.બી. કચેરી લઈ ગયેલી.એ હકીકત કબુલ રાખે છે કે આ કાર્યવાહી થઈ ત્યારે આરોપી પોલીસ કસ્ટડીમાં હતો અને આ આરોપી ત્રણ પોલીસવાળા વચ્ચે બેઠો હતો અને આરોપીએ તેઓની હાજરીમાં ગુનાની કબુલાત કરેલ નથી, હવે કહે છે કે આરોપીએ એવું કહેલ તે ગૌમાંસ એવામાં પકડાયેલ છે.

**(૧૮.૨)** આમ આ પંચસાહેદના પુરાવા પ્રમાણે આરોપી વિઠ્ઠલભાઈ ઉર્ફે ભુપતનું શરીર સ્થિતીનું પંચનામું તેઓની હાજરીમાં કરાવામાં આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેઓના મૌખિક પુરાવાથી આંક–૪૭ ના દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન મળતું હોય તે તમામ ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૧૯)** સદર ગુનાના કામે આંક–૪૯ થી પોલીસ સાહેદ પ્રકાશભાઈ કુબેરભાઈ ચૌધરીને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ પો.હેડ.કોન્સ તરીકે કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૪ માં તેઓ કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે અ.હે.કો. તરીકે તેઓની ફરજ પર હતા ત્યારે તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ પી.એસ.આઈ.શ્રી. એ.કે.રાઠોડનાઓ સાથે તેઓ તથા અ.હે.કો.જયેન્દ્રભાઈ કાંતીભાઈ, ચેહોરભાઈ, નિકુલભાઈ, જયદિપસિંહ, વિજયસિંહ તથા પ્રવિણસિંહ એ રીતનાં નારદીપુર આઉટપોસ્ટ ખાતે હાજર હતા તે દરમીયાન પો.કો. ચેહોરભાઈનાઓને બાતમી હકીકત મળેલ કે જામળા ગામે ઢાંકણીશેરીમાં રહેતા લાલાભાઈ મણીલાલ સેનમા પોતાનાં ઘરે બહારથી માણસો બોલાવી ગાયોની કતલ કરે છે અને હાલમાં આ પ્રવૃતિ ચાલુ છે જે હકીકતની પી.એસ.આઈ.શ્રી.ને જાણ કરતા તેઓએ બે

પંચનાં માણસો બોલાવેલા જેમાં મેહુલભાઈ ઠાકોર અને વિષ્ણુભાઈ જોશીને બોલાવેલા અને તેઓએ હકીકતથી વાકેફ કરેલા. બાદ પંચો તથા પોલીસનાં માણસો સાથે ખાનગી વાહનમાં બેસી સદર બાતમી વાળી જગ્યાએ જઇ નજીકમાં વાહનો પાર્ક કરી સદર હકીકત વાળા ઘરે જતા સદર બે મકાનો કે જે બે માળનાં અને દક્ષીણ દિશાનાં લોખંડની જાળીવાળા હતા જે મકાનમાં પ્રવેશ કરતા ડાબી બાજુનાં મકાનમાં છેલ્લા રૂમમાં ચાર માણસો ગાયની કતલ કરી તેનું માંસ અલગ કરતા હતા જે રૂમમાં જોતાં ત્યાં માંસનો ઢગલો અને ગૌવંશનું માથું, પગ, ચામડું પડેલ હતા તથા તેઓ પાસેથી ગૌવંશની કતલ કરવાનાં લોખંડનાં હથીયારો મળી આવેલ જેમાં ત્રણ નંગ છરા, એક કુહાડી, સળીયા વિગેરે મળી આવેલા અને ચારેય ઇસમોને તેઓની ઓળખ આપી જે તે સ્થીતીમાં બેસી રહેવા સમજ કરેલી. સદર જગ્યાએ જે અવશેષો પડેલ તે જોતાં પ્રથમ દ્રષ્ટીએ આ અવશેધો ગૌવંશનાં હોવાનું જણાઇ આવેલ. બીજા રૂમમાં જોતાં ત્યાં પણ માંસનો ઢગલો પડેલ હતો, આ રૂમમાં બારી પાસે દોરડાથી એક એચ.એફ.શંકર પ્રકારની કાળા કલરની ગાય બાંધેલ હતી અને એક વજન કાંટો લટકતો હતો. સદર ઇસમો પૈકી પ્રથમ ઇસમનું નામ પુછતા પોતે પોતાનું નામ લાલાભાઈ મણીલાલ સેનમા, રહે–જામળાવાળો હોવાનું જણાવેલ અને તેઓની અંગજડતી કરતા તેની પાસેથી એક વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ મળી આવેલ અને એક બીજો નોકીયા કંપનીનો કીપેડવાળો મોબાઇલ મળી આવેલો. સદર ઇસમો પૈકી બીજા ઇસમનું નામ પુછતા પોતે પોતાનું નામ વસીમ શાહબુદિન કુરેશી,રહે–જુહાપુરા,અમદાવાદવાળો હોવાનું જણાવેલ અને તેઓની અંગજડતી કરતા તેની પાસેથી એક વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ મળી આવેલ. સદર ઇસમો પૈકી ત્રીજા ઇસમનું નામ પુછતા પોતે પોતાનું નામ અસ્ફાક અલ્લારખા બેલીમ,રહે–ફતેવાડી, અમદવાદવાળો હોવાનું જણાવેલ અને તેઓની અંગજડતી કરતા તેની પાસેથી કોઇ વસ્તુ મળી આવેલ ન હતી. સદર ઇસમો પૈકી ચોથા ઇસમનું નામ પુછતા પોતે પોતાનું નામ મહંમદ રફીક મહંમદ હનીફ કુરેશી,રહે–સંતોષનગર, ચારમાળીયા, અમદાવાદવાળો હોવાનું જણાવેલ અને તેઓની

અંગજડતી કરતા તેની પાસેથી એક વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ મળી આવેલ. સદર જગ્યાએ મળી આવેલ અવશેષો ગૌમાંસ હોવાનું જણાઇ આવતા પી.એસ.આઇ.શ્રી. એ.કે.રાઠોડનાઓએ કલોલ તાલુકા પો.સ્ટે. ફોન કરી એફ.એસ.એલ.સારૂ જરૂરી નમુના લેવા માટે પશુ ચિકીત્સકનાઓને મોકલી આપવા પી.એસ.ઓ.ને સમજ કરેલી. બાદ થોડા સમય બાદ પશુ ચિકીત્સક ડો. જીગ્નેશભાઇ પટેલ, લોદરા પશુ દવાખાનાવાળા આવેલા અને તેઓએ સદર અવશેષોમાંથી એફ.એસ.એલ. સારૂ જરૂરી સેમ્પલો લઇ આપેલા જે સેમ્પલો એફ.એસ.એલ. ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ તેમજ સદર જગ્યાએ પડેલ અવશેષો ગૌવંશનાં હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ જણાઇ આવતા પી.એસ.આઇ.શ્રી. એ.કે.રાઠોડે આગળની કાર્યવાહી હાથ ધરેલ અને સ્થળ ઉપરથી મળી આવેલ કતલ માટેનાં હથીયારો લોખંડનાં બે છરા, એક સ્ટીલ જેવી ધાતુનો છરા જેની ઉપર રતાશ પડતા ડાઘ હતા એમ કુલ ત્રણ છરા, લાકડાનાં હાથામાં ફીટ કરેલ લોખંડની કુહાડી, વજનકાંટો તથા દોરડા મળી આવેલા. સદર ઇસમો પૈકી લાલાભાઇ સેનમાને મકાન બાબતે આકારણી તથા લાઇટબીલ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ. સદર લાલાભાઇ સેનમાઓને તેઓનાં ઘરમાંથી મળી આવેલ ગૌમાંસ તથા અવશેષો બાબતે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, "મારો દિકરો વિઠ્ઠલ ઉર્ફે ભુપતનાઓ અમારી ગામની નજીકનાં ગામડાઓમાંથી નબળી તથા દુધ ન આપતી ગાયો ઓછી કીંમતે ખરીદ કરી લાવી, અમદાવાદ ખાતે વસીમ,અસ્ફાક અને મહંમદરફીકનાઓએ બોલાવી પોતાનાં ઘરે ગાયોની કતલ કરાવી માંસ તેઓને લોડીંગ રીક્ષામાં ભરી આપે છે અને આ માંસ અમદાવાદ ખાતે લઇ જતા હતા અને ત્રણેય ઇસમો એકટીવા તથા લોડીંગ રીક્ષા લઇ આવેલ હોવાની હકીકત જણાવેલ અને જે વાહનો ઘર આગળ પાર્ક કરેલ હોય જે જોતાં લોડીંગ રીક્ષા તથા એક એકટીવા પડેલ હતા જેનાં નંબર હાલ તેઓને ચોકકસ યાદ નથી પણ જે તે સમયે તેઓના નિવેદનમાં લખાવેલ હતા.સદર જગ્યાએ એક અશોક લેલેન્ડ પીકઅપ ડાલુ પડેલ હોય અને તે પોતાનો દિકરો વિઠ્ઠલ ઉર્ફે ભુપતનો હોય અને જેનો ઉપયોગ વિઠ્ઠલ

આસપાસનાં ગામડાઓમાંથી ગાયો ભરી લાવવા તથા ગૌમાંસ અમદાવાદ ખાતે પહોંચાડવા ઉપયોગ કરતો હતો જે ડાલાનો નંબર પણ તેઓના નિવેદનમાં લખાવેલો પણ હાલ તેઓને ચોકકસ યાદ નથી. તેમજ સદર જગ્યાએ ઘરની આગળ નબળી તથા દુધ ન આપતી હોય તેવી કુલ સાત ગાયો, બે વાછરડાં બાંધેલ હતા તે બાબતે લાલાભાઈને પુછતા પોતાનો દિકરો વિઠ્ઠલ તે ગાયો કતલ કરવા સારૂ લાવેલ હોવાનું જણાવેલ. જે ગાયો બાબતે નજીકની ગૌશાળાનો સંપર્ક કરી ગાયો મોકલી આપવા તજવીજ કરેલી. ત્યારબાદ સદર જગ્યાએથી મળી આવેલ ગૌમાંસનો નીકાલ કરતા પહેલા તેનું વજન કરવા સારૂ પી.એસ.આઈ.રાઠોડનાઓએ પો.કો.વિજયસિંહને વજનકાંટાવાળાને બોલાવવા માટે સુચના આપેલ જેથી વિજયસિંહ નારદીપુર ખાતેથી વજનકાંટાવાળા પ્રકાશભાઈને લઈ આવેલ અને તેઓએ વારાફરથી પ્લાસ્ટીકનાં કંતાનમાં ભરી ગૌમાંસનું વજન કરતા કુલ ૨૭૭ કી.ગ્રા. વજન થયેલ જે ગૌમાંસ યોગ્ય નીકાલ કરવા સારૂ નજીકમાંથી એક જે.સી.બી. બોલાવી જામળા ગામે ગૌચર જમીનમાં ખાડો કરાવી તેમાં ગૌમાંસ તથા મીઠું નાખી ખાડો પુરી દીધેલો. સ્થળ પરથી મળી આવેલ તમામ મુદામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલો. તેઓએ કરેલ કામગીરી બાબતે તેઓનો જવાબ લખાવેલો. તેઓને મુદામાલ બતાવતા આંક–૨૭ થી ૩૫ વાળો મુદામાલ તેઓએ તપાસનાં કામે કબ્જે લીધેલો તે જ છે. લાલભાઈ સીવાયના આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર છે તેઓને ઓળખી બતાવે છે.

(૧૯.૧) આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ બાતમી તેઓના સહકર્મચારીને આશરે ૧૫:૦૦ થી ૧૫:૩૦ ની આસપાસ મળેલી. બાતમી મળેલ તે સમયે તેઓના પી.એસ.આઈ. રાઠોડસાહેબ નારદીપુર ખાતે હતા જેથી તેઓને જાણ કરેલી. બાતમી મળ્યા બાદ પંચોને બોલાવવા કોણ ગયેલ તે તેઓને યાદ નથી. પંચો નારદીપુરનાં હતા. પંચો થોડીવારમાં આવી ગયેલા પણ સમય યાદ નથી. ગુનાવાળી જગ્યાએ જવા ૧૫:૦૦ બાતમી મળેલ ત્યારબાદ નીકળેલા. તેઓના પો.સ્ટે.

વિસ્તારમાં ત્રણ સરકારી ગાડીઓ છે. તેઓ ખાનગી વાહનમાં ગયેલા. ખાનગી વાહન કોનાં હતા અને તેનાં રજીસ્ટ્રેશન નંબરો તેઓના નિવેદનમાં લખાવેલ નથી. તેઓ જામળા ગામે આશરે ૧૦-૧૫ મીનીટમાં પહોંચી ગયેલા. એ હકીકત કબુલ રાખે છે કે બપોરેનો સમય હતો જેથી આ જામળા ગામે લોકોની અવરજવર ચાલું હતી, બનાવવાળી જગ્યાની આસપાસ બીજા રહેણાંકનાં મકાનો પણ આવેલ છે. તેઓ બનાવનાં સ્થળે પહોંચ્યા ત્યારપછી આસપાસનાં ૫-૧૦ લોકો ભેગા ગયેલા. આ લોકોનાં નામ-સરનામાં પી.એસ.આઇ.સાહેબે પુછેલા, તેઓએ પુછેલા નહી. આ એફ.એસ.એલ. અધિકારી સ્થળ ઉપર આવીને આશરે સાત નમુના લીધેલા. એ હકીકત કબુલ રાખે છે કે આ એફ.એલ.એલ. અધિકારીએ પંચોની હાજરીમાં આ નમુના સીલ કરી પંચસ્લીપ લગાવેલ હોય તેવી કોઇ હકીકત તેઓના નિવેદનમાં જણાવેલ નથી, તેઓ પશુ ચિકીત્સક નથી કે એફ.એલ.એલ. અધિકારી નથી જેથી કયું માંસ કયા પશુનું છે તે તેઓ કહી શકે નહી. બનાવવાળી જગ્યાએ તેઓ ગયા તેનાં એકાદ કલાક બાદ પશુ ચિકીત્સક સ્થળ પર આવેલા. તેઓને ખ્યાલ નથી કે પશુ ચિકીત્સકે સ્થળ ઉપર તેઓની હાજરીમાં કોઇ રીપોર્ટ આપેલ હતો કે કેમ. પશુ ચિકીત્સક આવીને તેઓની હાજરીમાં બનાવ સ્થળે આવીને સેમ્પલ અને નમુના લીધેલા. તેઓની હાજરીમાં પશુ ચિકીત્સકે સીલ કરી પંચસ્લીપ લગાવેલ સીલ કરેલા. એ હકીકત કબુલ રાખે છે કે તેઓના નિવેદનમાં આ હથીયારોનું કોઇ વર્ણન કે માપ લખાવેલ નથી, આ વાહનોમાંથી કોઇ ગુનાહીત ચીજવસ્તુ કે મુદામાલ મળી આવેલ નથી. આરોપીઓ તેઓની જોડે રેડમાં હતા નહી. આ આરોપીઓ રેડ દરમીયાન ત્યાં પકડેલા તે રીતે તેઓની જોડે હતા. એ હકીકત કબુલ રાખે છે કે આ આરોપીને બનાવનાં સ્થળે પકડેલો જેથી પુછપરછ દરમીયાન ઉપરોકત પ્રમાણેની હકીકત લખાવેલી.તેઓએ પોલીસ નિવેદનમાં સાત જીવતી ગાયો મળી આવેલ તેનું કોઇ વર્ણન લખાવેલ નથી. આ ગાયો ગૌશાળામાં મોકલી ત્યારે તેઓ હાજર હતો. તેઓને ખબર નથી કે આ ગાયો લેવા કેટલા જણાં આવેલા. તેઓ રાત્રે આશરે  ૭-૮ વાગે લેવા આવેલા. ખાનગી વાહનમાં અહીંથી

મોકલેલા.આ ગાયો તેઓની હાજરીમાં મોકલેલ હોય ત્યારે એ ગાયોનું પંચનામું થયેલ હોય કે તેમાં ગાયોનું વર્ણન લખેલ હોય તેવું બનેલ નથી. તેઓના ધ્યાનમાં નથી કે વજનકાંટાવાળાએ વજન કરી કોઇ પાવતી આપેલ હતી કે કેમ. એ હકીકત કબુલ રાખે છે કે આ વજનકાંટાવાળો આવેલો અને તેણે જે વજનની કાર્યવાહી કરેલી તે સમયે તેઓ હાજર હતા નહી. આ મુદામાલ નાશ કર્યા બાદ નાશ કર્યાનું પ્રમાણપત્ર તેઓની હાજરીમાં કોઈને આપેલ કે કેમ. એ હકીકત કબુલ રાખે છે કે પો.સ્ટે.માં સીસીટીવી કેમેરા લગાવેલા છે, આ કામે મળી આવેલ મુદામાલ તેઓના જવાબ નોંધવામાં આવેલો તે પહેલા નોંધવામાં આવેલો.

**(૧૯.૨)** આમ આ પોલીસ સાહેદના પુરાવાથી સદર રેડમાં તેઓ સામેલ હતા અને આંક-૨૬ની બનાવવાળી જગ્યાએ તેઓએ ગૈમાંસ અને ગૌવંશના અવશેષો મળી આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે તેઓના મૌખિક પુરાવાથી ફરીયાદીના પુરાવા અને ફરીયાદને સમર્થન મળે છે.

**(૨૦)** સદર ગુનાના કામે આંક-૫૦ થી નરેન્દ્રકુમાર બાબુભાઇ પટેલને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તેઓના ગામ અરજણપુરા ખાતે તેઓનો તબેલો છે અને આ તબેલામાંથી આઠ રેલીઓ અને બે ગાયો લાલાભાઇ મણીલાલ સેનમા તથા તેમનો દિકરો ભુપતભાઇ લાલાભાઇ આ બંને તેઓના તબેલે રીક્ષા લઇ લેવા આવેલા અને આ રેલીઓ અને ગાયોની રૂ.૬૦૦૦૦/- નકકી કરી બીજા દિવસે રૂ.૮૦૦૦/- રોકડા તેઓને આપેલા પરંતુ બાકીનાં રૂપીયા આપવાનો વાયદો કરેલો જે રકમ આજદીન સુધી તેઓને આપેલ નથી જેથી તેઓ તેઓનાં ઘરે જઇ ઉઘરાણી કરતા તેઓએ તેઓને ધાકધમકી આપતા હતા અને ત્યારબાદ તેઓને જાણવા મળેલ કે આ લોકો તેઓના ગામનાં બીજા લોકો પાસેથી પણ આ રીતે ગાય-ભેંસ લઇ ગયેલ છે. તેઓએ પોલીસ રૂબરૂ તેઓનો જવાબ લખાવેલો. તેઓ આરોપી ભુપતભાઇ જે લાલાભાઇનાં દિકરા છે તેને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

(૨૦.૧) આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓનો લે–વેચનો ધંધો નથી. તેઓ બહારથી લાવતા હતા અને મોટા પાયે બીઝનેસ કરતા હતા. તેઓ પંજાબથી અને આજુબાજુનાં ગામડેથી લાવતા હતા અને કાયદેસરનો માલ હતો. એ હકીકત કબુલ રાખે છે કે આ પશુઓ તેઓ લાવતા તેણે બે વર્ષ રાખીને પછી વેચતા હતા, પશુઓની લે–વેચ કરવા માટે ગ્રામ પંચાયતમાંથી સક્ષમ અધિકારીનો દાખલો લેવો પડે. તેઓએ આ લે–વેચ માટે કોઇ ગ્રામપંચાયતનો દાખલો મેળવેલ નહી. તા.૩૦/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓ ચાર–પાંચ જણાં નારદીપુર આઉટપોસ્ટ પહોંચેલા જેમાં સરદારજી મોતીજી ઠાકોર, કનુજી મોતીજી ઠાકોર, લીબોંદરાનાં એક બાપુ જેઓનું નામ હાલ તેઓને યાદ નથી પરંતુ તેઓની ભેંસો આ લોકો લઇ ગયેલા. એ હકીકત કબુલ રાખે છે કે આ લોકો તેઓને પૈસા આપતા ન હતા અને ધકકા ખવડાવતા હતા જેથી ફરીયાદ લખાવવા નારદીપુર ઓ.પી. ગયેલા અને પોલીસે તેઓની ફરીયાદ લીધેલી. તેઓનો તબેલો અરજણપુરા ગામમાં છે. એ હકીકત કબુલ રાખે છે કે તબેલાને પણ ગ્રામપંચાયતમાં રજીસ્ટર કરાવવો પડે. તેઓનો તબેલો કયા નંબરથી ગ્રામ પંચાયતમાં રજીસ્ટર છે તે યાદ નથી.એ હકીકત કબુલ રાખે છે કે પશુઓની લે–વેચનો ધંધો કરતા હોય તે લોકો પશુઓને કાનમાં નંબરવાળી પીળાકલરની ટેગ લગાવતા હોય છે, આ ટેગથી પશુઓની ઓળખ થાય છે અને તેની ઉપર RFID નંબર હોય છે. તેઓએ નારદીપુર ઓ.પી.માં ફરીયાદ લખાવેલી તેમાં આ નંબર લખાવેલ નહી. તેઓએ નારદીપુર ઓ.પી.માં ફરીયાદ લખાવેલી તેમાં આ આઠ રેલ્રીઓ અને બે ગાયો મારી માલીકીની છે તેવા કોઇ પુરાવા આપેલ નહી. આ લોકો તેઓની ગાયો લઇ ગયેલા અને પૈસા આપતા ન હોવાની ફરીયાદ તેઓએ બાલવા ચોકીએ આપેલી. એ હકીકત કબુલ રાખે છે કે રૂા.૮૦૦૦/– અને ઘરે ઉઘરાણી કરવા ગયેલ ત્યારે ધાકધમકી આપતા હતા તેવી હકીકત મારા જવાબમાં લખાવેલ નથી. આ કહેવાતી ગાયો વર્ષ ૨૦૨૪માં જ આપેલી. આ ધાકધમકીની તેઓએ કોઇ ફરીયાદ આપેલ નહી.

**(૨૦.૨)** આમ આ સાહેદના પુરાવા પ્રમાણે આરોપી નં.૧ મરણજનાર લાલભાઇ અને તેઓના પુત્ર ભુપતભાઇ આ સાહેદ પાસેથી ગાયો વેચાતી લઇ આવેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે.

**(૨૧)** સદર ગુનાના કામે આંક-૫૧ થી પોલીસ સાહેદ લાલાભાઇ કાનાભાઇ ચૌહાણને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, તેઓ એ.એસ.આઇ. તરીકે કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૪મા તેઓ કલોલ તાલુકા પો.સ્ટે.ખાતે હે.કોન્સ તરીકે ફરજ બજાવતા હતા અને તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ તેઓ પી.એસ.ઓ.તરીકે ૧૨:૦૦ થી ૨૪:૦૦ સુધી તેઓની ફરજ પર હતો તે દરમીયાન ફરીયાદી જયેન્દ્રભાઇ કાંતીલાલ, બ.નં-૭૨૪ ની પી.એસ.આઇ.એ.એ.કે.રાઠોડ રૂબરૂની ફરીયાદ તેઓની તરફ ગુનો રજીસ્ટર થવા સુચીપત્ર સાથે આવેલ. આંક-૪૩ વાળી ફરીયાદ બતાવતા તેઓની તરફ મોકલી આપવામાં આવેલ તે જ છે. જે ફરીયાદ સંદર્ભે મેં સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં-૨૫/૨૪ થી કલાક ૨૧:૫૦ નાં ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમ સાથે પી.એસ.આઇ. આર.સી. ગલોત તરફ મોકલી આપેલ. સદર સ્ટેશન ડાયરીની સંબંધીત પાનાની તેઓની સહી અને પો.સ્ટે.નાં સીકકાવાળી નકલ આંક-૫૨ થી રજુ કરેલ છે. સુચીપત્ર અને ડેપ્યુટ હુકમ આંક-૫૩ થી રજુ કરેલ છે.

**(૨૧.૧)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ ગુનાની તેઓને કોઇ જાતમાહીતી નથી, આ કામે ફરીયાદ તથા સુચીપત્રની નોંધ સ્ટેશન ડાયરીમાં કર્યા સીવાય બીજી કોઇ કામગીરી તેઓએ કરેલ નથી અને ગુનો બન્યાનો સમય તા.૨૨/૦૮/૨૦૨૪ કલાક ૨૦:૦૦ લખેલ છે તેવું એફ.આઇ.આર.માં દર્શાવેલ છે જે એફ.આઇ.આર. આંક-૫૩-એ થી રજુ કરેલ છે.

**(૨૧.૨)** આમ આ પોલીસ સાહેદના પુરાવા પ્રમાણે તેઓએ સદર સદર કામે ગુનો રજીસ્ટર કરેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેઓના મૌખિક પુરાવાથી આંક-૫૨ થી ૫૪ ના તમામ દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન

મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૨ પ્રમાણે પુરવાર થાય છે.

**(૨૨)** સદર ગુનાના કામે આંક-૫૪ થી તપાસ અધિકારી રણજીતસિંહ ચતરસિંહ ગેલોતને તપાસેલ છે જેઓ કોર્ટ સમક્ષ જણાવે છે કે, હાલ તેઓ પી.એસ.આઇ. તરીકે કલોલ તાલુકા પો.સ્ટે. ખાતે ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૪ માં તેઓ પી.એસ.આઇ. તરીકે નારદીપુર ઓ.પી. ખાતે તેઓની ફરજ પર હતા તે દરમીયાન તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ પી.એસ.આઇ.શ્રી. એ.કે.રાઠોડ તેમની ટીમનાં કર્મચારીને મળેલ ખાનગી બાતમી હકીકતનાં આધારે ટીમ સાથે જામળા ગામે પહોંચેલા અને ત્યાં આરોપી લાલાભાઇ મણીલાલ સેનમા તથા તેનાં અન્ય સાગરીતો ગેરકાયદેસર રીતે ગૌવંશની કતલ કરી ગૌમાંસનું વેચાણ કરવા અમદાવા ખાતે મોકલતા હોવાની હકીકત સામે આવેલ જે અંગે તેઓએ રેડ કરી જરૂરી કાર્યવાહી કરેલ અને સદર કેસમાં ફરીયાદી તરીકે સરકાર તરફે હે.કો. જયેન્દ્રકુમાર કાંતિલાલ કે જેઓ સમગ્ર રેડની કાર્યવાહી દરમીયાન સાથે હતા તેઓએ પી.એસ.આઇ.એ.કે.રાઠોડ સમક્ષ પોતાની ફરીયાદ જાહેર કરેલ અને પી.એસ.આઇ.એ.કે.રાઠોડે સુચીપત્ર તૈયાર કરી પી.એસ.ઓ. તરફ મોકલી આપતા પી.એસ.ઓ.એ ગુનો રજીસ્ટર કરી ડેપ્યુટ હુકમ સાથે આગળની તપાસ સારૂ તેઓની તરફ મોકલી આપતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. આંક-૪૪ વાળી ફરીયાદમાં ફરીયાદી તરીકે જયેન્દ્રકુમારની સહી ઓળખી બતાવે છે અને તે ફરીયાદમાં રૂબરૂ તરીકે પી.એસ.આઇ.એ.કે.રાઠોડની સહી ઓળખી બતાવે છે. આંક - ૫૩ થી રજુ થયેલ સુચીપત્ર તથા ડેપ્યુટ હુકમ તેઓને તપાસ સંભાળી તે વખતે મળેલા તે જ છે. આ કાગળો સાથે પી.એસ.આઇ.એ.કે.રાઠોડે બે સ્વતંત્ર પંચો તથા પશુ ચિકીત્સકશ્રી તથા એફ.એસ.એલ.અધિકારીને સ્થળ પર હાજર રાખી જે પંચનામુ કરેલ તે આ કામે આંક-૨૬ થી રજુ છે જેમાં પંચો તથા રૂબરૂ તરીકે પી.એસ.આઇ.એ.કે.રાઠોડની સહી છે.આ કાગળો સાથે પશુ ચિકીત્સકશ્રીએ જે સ્થળ ઉપરથી સેમ્પલ લઇ જે રીપોર્ટ આપેલો તે આંક-૨૪ થી રજુ છે તે જ

છે. ગુનાનાં કામે જે મુદામાલ કબ્જે લીધેલ તે રવાનગીપત્રક તથા સત્તા અંગેનાં પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. માટે મોકલી આપેલ જે આંક–૫૫, જે તે વખતે કલેકટરશ્રીનાં હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોય તેની નકલ તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ જે આંક–૫૬, બાદ એફ.એસ.એલ. સર્ટી આપવા માટે નિયામકશ્રી. એફ.એસ.એલ.ને મારી સહીથી યાદી કરેલ જે આંક–૫૭, બાદ એફ.એસ.એલ. ખાતેથી પરીક્ષણ અહેવાલ આવતા તે તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ જે ફોરવર્ડીંગ લેટર સાથેનો પરીક્ષણ અહેવાલ બતાવાવમાં આવે છે જે આંક–૫૮ થી રજુ કરેલ છે.

**(૨૨.૧)** વધુમાં તપાસ અધિકારી જણાવે છે કે, આરોપી લાલાભાઇ મકાનની કાયદેસરતાની ખરાઇ કરવા માટે જામળા ગ્રામપંચાયતે યાદી પાઠવેલ જે આંક–૩૭ થી રજુ છે તે જ છે. તેમજ તલાટી કમ મંત્રી, જામળા ગ્રામપંચાયત ધ્વારા સદર બાંધકામ ગૌચરની જગ્યામાં થયેલ હોવાથી રેવન્યુ રેકર્ડે ચાલતુ ન હોવા બાબતનો રીપોર્ટ આવતા તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ જે આંક–૩૮ થી રજુ છે તે જ છે. રેડ દરમીયાન જે ગૌવંશ મળી આવેલ તેણે જલારામ ગૌસેવા ટ્રસ્ટ ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવેલ અને તે અંગેનો દાખલો જલારામ ગૌસેવા ટ્રસ્ટ ગાંધીનગર ખાતેથી મેળવી તપાસનાં કામે સામેલ રાખેલ જે આંક–૪૨ થી રજુ છે તે જ છે. તપાસનાં કામે જરૂરી સી.ડી.આર.મેળવી કાગળોમાં સામેલ રાખેલ જે આંક–૫૯ થી રજુ કરેલ છે. તપાસનાં કામે લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો તેઓનાં લખાવ્યા પ્રમાણે લખેલા. આરોપીઓ લાલાભાઇ મણીલાલ સેનમા, વસીમ શાહબુદિન કુરેશી, મહંમદરફીક કુરેશી તથા અસ્ફાક ઉર્ફે સલમાન કુરેશીની અટક કરી સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં હાજર કરેલા. જે તે વખતે આરોપી ભુપત ઉર્ફે વિઠૃલ લાલાભાઇ સેનમા કે જે લાલાભાઇ મણીલાલ સેનમાનો પુત્ર છે તે મળી આવેલ નહી જેથી અન્ય આરોપીઓ સાથે પુરતા પુરાવા પડતા હોય સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ અને આરોપી ભુપત ઉર્ફે વિઠૃલ લાલાભાઇ સેનમાને ચાર્જશીટમાં કોલમ નં–૨ માં નાસતો–ફરતો

બતાવેલો. તમામ મુદામાલ અને ઉપરોકત આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. આ કામનો નાસતો ફરતો આરોપી ભુપત ઉર્ફે વિઠ્ઠલ લાલાભાઇ સેનમા એલ.સી.બી.–૨ ની પેરોલ ફર્લો સ્કોડ ધ્વારા બાતમી હકીકતનાં આધારે જામળા ખાતેથી તા.૧૩/૧૨/૨૦૨૪ નાં રોજ હસ્તગત કરવામાં આવેલો અને તે અંગેનું બી.એન.એસ.એસ.ની કલમ – ૩૫(૧)(જે)નો રીપોર્ટ સદર સ્કોડનાં હે.કો. બી.જી.સોલંકીએ પોતાની સહીથી અમારી તરફ મોકલી આપેલો અને આ સાથે આરોપી પણ અમને સોંપતા તેની ધોરણસર અટક કરી સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં રજુ કરેલો. આ રીપોર્ટની સાથે બી.જી.સોલંકીએ બે સ્વતંત્ર પંચોની હાજરીમાં આરોપી ભુપતની અટક કરી તેની શરીરસ્થીતીનું પંચનામુ તેમનાં રૂબરૂનું કરી રતેઓની તરફ મોકલી આપતા તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ જે આંક–૪૭ થી રજુ છે તે જ છે. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમાં સમયમર્યાદમાં પુરવણી ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે.

**(૨૨.૨)** આરોપી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કેસની તપાસ તેઓએ તા.૨૨/૦૮/૨૦૨૪ નાં રોજ કલાક ૨૧:૫૦ થી શરૂ કરેલી. એ હકીકત કબુલ રાખેલ છે કે આ તપાસ શરૂ કરી તે પહેલા બનાવની તેઓને કોઇ જાતમાહીતી હતી નહી, તેઓને તપાસ મળ્યા બાદ તેઓ ગુનાવાળી જગ્યાએ ગયેલ નહી, તપાસ દરમીયાન ગુનાવાળી જગ્યાનાં આસપાસ રહેતા સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ નથી. આંક–૨૪ નો પશુ દવાખાનાનો રીપોર્ટ ચાર્જશીટ કરતા પહેલા વાંચેલો, આંક–૨૪માં બકલ નં–૭૨૪ ને જે સહી છે તે ફરીયાદી જયેન્દ્રકુમારની સહી છે, આંક–૨૪માં કહેવાતું માંસ ગૌમાંસ છે તેવું કયાંય દર્શાવેલ નથી. એ હકીકત કબુલ રાખેલ છે કે આંક–૨૪ નાં રીપોર્ટમાં એવું લખેલ છે કે નમુનાં પૃથ્થકરણ હેતુ એફ.એસ.એલ. ખાતે મોકલવા ભલામણ કરવામાં આવે છે. તેઓએ ચાર્ઝશીટ કરતા પહેલા તમામ કાગળોનો અભ્યાસ કરેલો. એ હકીકત કબુલ રાખેલ છે કે આંક–૪૪ વાળી ફરીયાદ આ કામે મળી આવેલ કહેવાતું માંસ ગૌમાંસ છે

તેઓ કોઇ રીપોર્ટ આવે તે પહેલા જ આપવામાં આવેલી, આ કામે ગુનાવાળી જગ્યાએથી મળી આવેલ હથીયારો આ જ ગુનામાં વપરાયેલા છે તે દર્શાવવા માટે એફ.એસ.એલ. ચકાસણી માટે મોકલેલ નથી, આંક–૨૪ ના રીપોર્ટમાં સેમ્પલ કયાં કન્ટેઇનરમાં મોકલવામાં આવેલા તે દર્શાવેલ નથી અને આવા કોઇ કન્ટેઇનરને સીલ કરેલ હોય તેવું પણ દર્શાવેલ નથી. તેઓને તપાસ મળી તેનાં બીજા દિવસે સાહેદોનાં નિવેદનો લીધેલા. આ આંક–૫૫ વાળું રવાનગીપત્રક એફ.એસ.એલ.માં ૨૩ તારીખે મોકલેલ પણ સમય ચોકકસ યાદ નથી. આંક–૫૫ નાં રવાનગીપત્રકમાં રવાનાં કરનાર અધિકારી તરીકે પી.ડી.મણવર નાયબ પોલીસ અધિક્ષકએ સહી કરેલ છે અને રવાનગીની તારીખ તા.૨૪/૦૮/૨૦૨૪ છાપેલ છે.એ હકીકત કબુલ રાખેલ છે કે આ આંક–૫૫નું રવાનગીપત્રક નાયબ પોલીસ અધિક્ષકની કચેરીમાં તા.૨૪/૦૮/૨૦૨૪ નાં રોજ રવાનાં થયેલ હતો. તા.૨૪/૦૮/૨૦૨૪ નાં રોજ રવાનગીપત્રકથી જે મુદામાલ મોકલવામાં આવેલો તેનો એફ.એસ.એલ. નો રીપોર્ટ તા.૨૭/૦૮/૨૦૨૪ નાં રોજ આવેલો, આ નમુનાં કયાંથી અને કેવીરીતે લીધેલા તેની તેઓને જાત માહીતી નથી. બે દિવસ સુધી આ નમુનાં કયાં અને કેવી પરીસ્થીતીમાં હતા તે વિશે તમે કહી શકો નહી ? ફ્રીજમાં રાખેલ હતા. તેઓ ઉત્તર આપેલ. એ હકીકત કબુલ રાખેલ છે કે આખી તપાસ દરમીયાન આ નમુના કયાં પ્રિજર્વ કરવામાં આવેલા તેનો ઉલ્લેખ નથી, આંક–૫૫ નાં રવાનગીપત્રકમાં પ્રથમ પાને ગુનાની હકીકત પ્રમાણે એફ.એસ.એલ. માં આ નમુનાં મોકલતા પહેલા આ માંસ ગૌમાંસ છે તેવું દર્શાવેલ છે, તેઓ એફ.એસ.એલ. એક્ષપર્ટ નથી, કોઇ માંસ પકડાય અને એફ.એસ.એલ. રીપોર્ટ ન આવે ત્યાં સુધી ચોકકસ કહી શકાય નહી કે માંસ કયાં પશુનું છે, કોઇ પણ પશુનાં માંસ પર મીઠું નાખવાથી તે ઓગળી જાય, આ મુદામાલ નમુના એફ.એસ.એલ. કચેરીએ કોણ આપવા ગયેલા તે આંક–૫૫ નાં રવાનગીપત્રકમાં દર્શાવેલ નથી, આ નમુના લઇ જે પણ વ્યકતી એફ.એસ.એલ. કચેરીએ ગયેલ હોય તેનું નિવેદન તપાસ અર્થે લીધેલ નથી, એફ.એસ.એલ. કચેરી ખાતે તેઓના પો.સ્ટે. સીવાય અન્ય પો.સ્ટે.માંથી પણ

આવા નમુના જતા હોય છે. જલારામ ગૌસેવા ટ્રસ્ટમાં મુદામાલ અગીયાર ગૌવંશ કોણ મુકવા ગયેલ તે તેઓ કહી શકે નહી. એ હકીકત કબુલ રાખેલ છે કે આ જલારામ ગૌસેવા ટ્રસ્ટમાં મુદામાલ ગૌવંશ મુકવાની કોઇ કાર્યવાહી તેઓએ કરેલ નહી. આંક-૪૨ નાં દાખલા સીવાય આ અગીયાર ગૌવંશ જલારામ ગૌસેવા ટ્રસ્ટવાળાએ રાખેલ તેવું આ દાખલા સીવાય અલાયદી રસીદ તેઓએ મેળવેલ નથી, આ જલારામ ગૌસેવા ટ્રસ્ટમાં કહેવાતા અગીયાર મુદામાલ ગૌવંશ મુકવામાં આવેલ તેનું કોઇ પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલ નહી, અગીયાર મુદામાલ ગૌવંશ કેટલી ઉંમરના અને કયાં કલરનાં હતા તેનું વર્ણન તેઓની તપાસ દરમીયાન કયાંય રેકર્ડ પર આવેલ નથી. આ અગીયાર મુદામાલ ગૌવંશની ઓળખ માટે તેના કાન પર પીળા કલરની RFID નંબર વાળી ટેગ લગાડવામાં આવેલ ન હતી. એ હકીકત કબુલ રાખેલ છે કે આ અગીયાર મુદામાલ ગૌવંશ કોની માલીકીનાં હતા તે પુરવાર કરવા કોઇ ગ્રામ પંચાયત દાખલો કે કોઇ અન્ય જગ્યાનો દાખલો મારી તપાસ દરમીયાન મેળવેલ નથી, કોઇપણ ગુનાનો મુદામાલ અન્ય સ્થળે ખસેડવામાં આવે તો સક્ષમ કોર્ટની પરવાનગી લેવી પડે, આવી કોઇ પરવાનગી આ મુદામાલ ગૌવંશ જલારામ ગૌસેવા ટ્રસ્ટને સોંપતા પહેલા લેવામાં આવેલ ન હતી, પ્રિયંકભાઇ ઠકકરનાંઓને આ અગીયાર મુદામાલ ગૌવંશ સુપ્રત કરેલ ત્યારે એવી કોઇ યાદી આપેલ નહી કે જયારે જરૂર પડે ત્યારે આ મુદામાલ સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરવાનો રહેશે, પ્રિયંકભાઇ ઠકકરનાંઓનાં નિવેદનમાં પણ આ અગીયાર મુદામાલ ગૌવંશ જયારે જરૂર પડે ત્યારે આ મુદામાલ સક્ષમ કોર્ટ સમક્ષ રજુ કરવાનો રહેશે તેવું દર્શાવેલ નથી, કેન્દ્ર સરકારનાં નોટીફીકેન તા.૨૩/૦૫/૨૦૧૭ મુજબ કોઇપણ સરકારી અધિકારીએ પશુઓની કુરતા સંદર્ભે જપ્ત કરવામાં આવેલ પશુઓ કોર્ટમાં કેસ ચાલે ત્યાં સુધી તે પશુઓ કેસ પ્રોપર્ટી ગણાય. આ અગીયાર મુદામાલ ગૌવંશની નોંધ મુદામાલ પાવતીમાં કરવામાં આવેલ નથી. એ હકીકત કબુલ રાખેલ છે કે કહેવાતું માંસ પણ કેસનો મુદામાલ ગણાય, આ કહેવાતાં માંસનો નાશ કરી કોઇ સક્ષમ અધિકારીએ રીપોર્ટ આપેલ હોય તેવું તેઓની તપાસમાં

દર્શાવેલ નથી, આવો કોઈ નાશ કર્યાનો રીપોર્ટ તેઓએ મેળવેલ નથી, આ કહેવાતા મુદામાલ માંસ નાશ કરતા પહેલા કોઈ સક્ષમ કોર્ટની પરવાનગી લીધેલ નથી. તેઓએ આરોપીઓની અટક કરેલ નથી, આરોપી વિઠ્ઠલ ઉર્ફે ભુપત સ્થળ ઉપરથી પકડાયેલ નહી, તેઓએ આ આરોપી વિઠ્ઠલ ઉર્ફે ભુપતને અટક કરવામાં આવેલો તે આંક–૪૬ વાળો રીપોર્ટ ચાર્જશીટ કરતા પહેલા વાંચેલો એ હકીકત કબુલ રાખેલ છે કે આરોપી ગુલામમોઇન મુસ્તાક કુરેશીનાઓને નામદાર સેશન્સ કોર્ટે જે આગોતરા જામીન લઈ આવેલા જેથી તેઓને પો.સ્ટે.માંથી જામીન લઈ મુકત કરી દીધેલ હતા, આરોપી ગુલામમોઇન મુસ્તાક કુરેશી વિરૂધ્ધ સહઆરોપીઓનાં પોલીસ રૂબરૂનાં નિવેદન સીવાય અન્ય કોઈ પુરાવો હતો નહી.

**(૨૨.૩)** આમ આ તપાસ અધિકારીના પુરાવા પ્રમાણે તેઓને મળેલ સત્તાની રૂએ તેઓએ સમગ્ર કાયદેસરની તપાસ કરેલ તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેઓના મૌખિક પુરાવાથી આંક–૫૫ થી ૫૯ ના તમામ દસ્તાવેજોમાં લખેલ લખાણને સમર્થન મળતું હોય તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨ પ્રમાણે પુરવાર થાય છે.

## <u>ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન</u>

**(૨૩)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધેલ. ફરીયાદપક્ષે તરફે વિ.એ.પી.પી.શ્રી જે.એચ.જોશીનાઓની ધારદાર દલીલો સાંભળી અને આરોપીપક્ષ દ્વારા વિ.વ.શ્રી નાઓ તરફે આંક–૬૪ થી લેખિત દલીલો સાથે આંક–૬૫ ના લીસ્ટથી નામદાર ઉચ્ચ અદાલતોના CITATIONS રજુ કરેલ છે જે ધ્યાને લીધેલ. આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો પણ સાંભળવામાં આવેલ.

**(૨૪)** રેકર્ડ ઉપર આવેલ હકીકતો અને પુરાવાઓના ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવે તો પહેલા ન્યાયશાસ્ત્રના પ્રસ્થિાપિત સિદ્ધાંતો તરફે દ્રષ્ટિવાન કરવામાં આવે તો કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત એ છે કે

ફોજદારી કેસમાં આરોપી સામે ફરીયાદપક્ષ્રુ આક્ષેપાયેલ ગુનો નિ:શંકપણે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે.

**(૨૫)** ફોજદારી કેસમાં પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક માનસિક કસરત કરવાની હોય છે અને પુરાવાઓનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું હોય છે. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ ચોક્કસ પ્રક્રિયા જણાવવામાં આવેલી નથી. તે જ રીતે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અદાલતે ધ્યાનમાં રાખવાની હોય છે. માત્ર એક જ માનવાલાયક કે વિશ્વાસપાત્ર સાહેદના પુરાવા આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત માની આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. ન્યાયશાસ્ત્રના સુસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના સંદર્ભમાં આરોપી સામેનું તહોમતનામુ શંકારહિત, સચોટ, સંપૂર્ણ અને સજજડ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષે નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતા હોય અગર તો બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા તેવો બચાવ લેતા હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલાક અંશે પુરાવો રજુ કરવો પડે. આરોપીએ પોતાનો બચાવ ફરિયાદપક્ષ માફક શંકારહિત સાબિત કરવાનો નથી પરંતુ શકયતા પર આધારિત બચાવ સાબિત કરવાનો રહે છે.

હાલના કેસમાં આરોપીએ બચાવના સાહેદો તપાસેલ નથી કે આરોપીએ જાતે કોઈ પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષે આરોપી સામેનું આરોપનામું શંકારહીત સાબિત કરવુ પડે. નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જો ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થતો હોય છે. જયારે ફરિયાદપક્ષના ખુદના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય, તેવી શંકાને વ્યાજબી શંકા કહી શકાય અને તેનો લાભ

આરોપીને મળી શકે. પરંતુ શકયતાઓ આધારીત, અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વ્યાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. આરોપીએ **"ગુન્હો કર્યો છે" અને "ગુન્હો કર્યો હશે"** તે બંન્ને વચ્ચે ઘણુ જ લાબુ અંતર રહેલુ છે અને આવુ લાંબુ અંતર ફરિયાદપક્ષે જ સચોટ અને શંકારહિત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો ફરિયાદપક્ષ પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વ્યાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપી વિરુધ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી ન્યાયાધીશે બે પ્રકારની ભૂમિકાઓ અદા કરવાની હોય છે. જેમાં એક નિર્દોષ વ્યક્તિને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે, બીજી બાજુ દોષીત વ્યકિત ગુનામાંથી તે છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયાધીશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસરના અને મહત્વના પુરાવાઓને હંમેશા નજર સમક્ષ રાખવાના હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતા જ હોય છે, પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસો ફરિયાદપક્ષનાં કેસને મુળમાંથી અસર કરતા ન હોય તો તેની અવગણના કરવાની હોય છે. દરેક સાહેદની વર્તણુંક, સ્મરણશકિત, વિચારવાની શકિત અને અવલોકન શકિત જુદી જુદી હોય છે. આ સંજોગોમાં અદાલતે ખાણીયાની જેમ કામગીરી હાથ ધરી કાયદેસરના પુરાવાઓને ધ્યાને લેવાના હોય છે. આ તમામ પાયાના સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ અદાલત હાલના કેસનો ન્યાયિક નિર્ણય કરવામાં આવી રહેલ છે.

**(૨૬)** સદર કામે આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ–૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૧૯ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪. મુજબના ગુનાનો આક્ષેપ છે તે પ્રમાણે ફરીયાદપક્ષે પુરવાર કરવું પડે કે....

- **કલમ–૩૨૫ :** જો કોઈ વ્યક્તિ જાણીજોઈને કોઈપણ પ્રાણીને ઝેર આપીને, મારી નાખીને, અપંગ (અંગભંગ) કરીને અથવા તેને નકામું બનાવીને નુકસાન પહોંચાડે, તો તે આ કલમ હેઠળ ગુનો બને છે.
- **સજાની જોગવાઈ: ૫ વર્ષ સુધીની કેદ (જેલની સજા), અથવા દંડ, અથવા બંને** સજા થઈ શકે છે. આ એક જામીનપાત્ર (Bailable) ગુનો છે.

- **કલમ – ૫૪ :** જો કોઈ વ્યક્તિએ ગુનો કરવા માટે કોઈને ઉશ્કેરણી (Abetment) કરી હોય અથવા ગુનાની યોજના બનાવી હોય અને જ્યારે તે મુખ્ય ગુનો આચરવામાં આવી રહ્યો હોય ત્યારે તે વ્યક્તિ ત્યાં રૂબરૂ હાજર હોય, તો કાયદા મુજબ એમ જ માનવામાં આવશે કે તેણે પોતે જ તે મુખ્ય ગુનો કર્યો છે.
- **સજાની જોગવાઈ:** આ કલમ હેઠળ હાજર રહેલા સહાયકને **મુખ્ય ગુનેગારને મળતી સજા જેટલી જ સમાન સજા** આપવામાં આવે છે.
- **જી.પી.એક્ટ કલમ – ૧૧૯ (પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા આચરવી):** જે વિસ્તારોમાં પોલીસ કમિશનરની નિમણૂક ન થઈ હોય તેવા વિસ્તારોમાં જો કોઈ વ્યક્તિ કોઈ પ્રાણીને નિર્દયતાથી મારે, પજવે, તેની શક્તિ ઉપરાંતનું કામ લે, તેની સાથે ક્રૂર વર્તન કરે અથવા તેને ત્રાસ આપે (કે બીજા પાસે આવું કરાવે), તો આ કલમ લાગુ થાય છે.
- **સજાની જોગવાઈ:** દોષિત ઠરવા પર **૧ મહિના સુધીની કેદ, અથવા ૧૦૦ રૂપિયા સુધીનો દંડ, અથવા બંને** સજાની જોગવાઈ છે
- એમ.વી.**એક્ટ કલમ – ૧૭૭ (સામાન્ય ગુનાઓ અને નિયમોનું ઉલ્લંઘન):** મોટર વ્હિકલ એક્ટ અંતર્ગત એવા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન માટે કે જેના માટે આખા કાયદામાં કોઈ ચોક્કસ કે અલગ સજા નક્કી કરવામાં નથી આવી (જેમ કે નો–પાર્કિંગમાં વાહન ઊભું

રાખવું, જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે ન રાખવા વગેરે), તેવા તમામ સામાન્ય ગુનાઓ આ કલમ હેઠળ કવર થાય છે.

- **સજાની જોગવાઈ (ગુજરાત સરકારના સુધારેલા દર મુજબ): પ્રથમ વખત ના ગુના માટે ₹૫૦૦ નો દંડ** અને જો તે જ ગુનો **બીજી કે વધુ વખત કરવામાં આવે તો ₹૧,૫૦૦ સુધીનો દંડ** થઈ શકે છે.
- **કલમ – ૧૮૪ (જોખમી રીતે વાહન અહંકારવું – Dangerous Driving):** લોકોના જીવ જોખમાય તે રીતે જાહેર રસ્તા પર બેફામ સ્પીડે વાહન ચલાવવું, ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો, રેડ લાઈટ જમ્પ કરવી, અથવા ખોટી રીતે ઓવરટેક કરવા જેવા ભયજનક ડ્રાઈવિંગ માટે આ કલમ લગાવવામાં આવે છે.
- **સજાની જોગવાઈ:** આ ગુના માટે **₹૧,૫૦૦ થી લઈને ₹૫,૦૦૦ સુધીનો દંડ** અને/અથવા કોર્ટ દ્વારા કેદની સજા ફટકારી શકાય છે, તેમજ ડ્રાઈવિંગ લાયસન્સ પણ સસ્પેન્ડ થઈ શકે છે.

**(૨૭)** આ જ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી બનાવવાળી જગ્યાએ પશુ ગાયને મારી નાંખેલ હતી, પશુઓનું ગેરકાયદેસર રીતે કતલ કરવામાં આવેલ હતું.

**(૨૮)** ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ–૧૯૬૦ની કલમ–૧૧(૧)(એલ) પ્રમાણે..

**કલમ ૫ — પ્રમાણપત્ર વિના કતલ કરવા પર પ્રતિબંધ**

(૧) જે તે સમયે અમલમાં હોય તેવો કોઈ કાયદો અથવા કોઈપણ પ્રથા, વિરુદ્ધની હોય તે છતાં કોઈ પશુ કતલ કરવા માટે યોગ્ય છે એવું લેખિત પ્રમાણપત્ર કોઈ વ્યક્તિએ તે વિસ્તાર માટે નીમેલા યોગ્ય સત્તાધિકારી

પાસેથી તે પશુ સંબંધમાં મેળવ્યું ન હોય, તો તે તેવા પશુને કતલ કરી અથવા કરાવી શકશે નહિ.

(૧–ક) પેટા–કલમ (૧) હેઠળનું કોઈપણ પ્રમાણપત્ર –

(ક) ગાય

(ખ) ગાયની વાછરડી કે વાછરડો અને વાછડો હોય તો તે ખસી કરેલ હોય કે ન હોવ

(ગ) ધણખુંટ

(ઘ) બળદ.

વિગેરેના સંદર્ભમાં આપી શકાશે નહીં.

(૨) યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય થાય કે – જે જનાવરીને પેટા–કલમ(૧ક) લાગુ પડતી નથી તેઓને પેટા–કલમ(૧) હેઠળ કોઈ સર્ટિફિકેટ આપવામાં આવશે નહીં.

(ક) તેવું કોઈ નર કે માદા પશુ બોજો ખેંચવાના હેતુ માટે અથવા કોઈપણ પ્રકારના ખેતીના કામ માટે ઉપયોગી છે અથવા ઉપયોગી થવાનો સંભવ છે.

(ખ) પેટા–કલમ (૧–ક) જેને લાગુ પડતી ન હોય તેવું પશુ નર હોય તો, સંવર્ધન હેતુ માટે ઉપયોગી છે અથવા ઉપયોગી થવાનો સંભવ છે.

(ગ) પેટા–કલમ (૧–ક) જેને લાગુ પડતી ન હોય તેવું પશુ માદા હોય તો, દૂધ આપવાના અથવા બચ્ચા પેદા કરવાના હેતુ માટે ઉપયોગી છે અથવા ઉપયોગી થવાનો સંભવ છે.

તો, એવા પશુના સંબંધમાં પેટા–કલમ (૧) હેઠળ પ્રમાણપત્ર આપી શકાશે નહિ.

(૩) આ કલમનો કોઈ મજકૂર –

(ક) ઠરાવવામાં આવે તેવા ખરેખર ધાર્મિક હેતુઓ માટે નીચેના કોઈપણ પશુની કતલને લાગુ પડશે નહિ.

> (૧) ગાય, ધણખુંટ અથવા બળદ સિવાયનું પંદર વર્ષથી વધુ ઉમરનું કોઈ પશુ

(ખ) ઠરાવવામાં આવે તેવા ધાર્મિક દિવસોએ ગાય અથવા ગાયના વાછરડા ઘણખુંટ અથવા બળદ સિવાયના કોઈપણ પશુના વધને લાગુ પડશે નહિ. પરંતુ ખંડ (ક) અથવા (ખ) માં ઉલ્લેખેલ વધ માટેનું લેખિત પ્રમાણપત્ર યોગ્ય સત્તાધિકારી પાસેથી મેળવ્યું હોવું જોઈએ.

(૪) યોગ્ય સત્તાધિકારીએ આ કલમ હેઠળ પ્રમાણપત્ર આપવા અથવા આપવાની ના પાડવા માટે કરેલો હુકમ કાયદેસર અથવા ઔચિત્ય છે કે નહિ તેની પોતાની ખાતરી કરવા માટે રાજ્ય સરકાર સંબંધિત કેસનો રેકર્ડ કોઈપણ સમયે મંગાવી તપાસી શકશે અને તે અંગે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(૫) આ કલમ હેઠળનું પ્રમાણપત્ર, ઠરાવવામાં આવે તે નમૂનામાં અને તે ફી ભર્યેથી આપવું જોઈશે.

(૬) પેટા–કલમ (૪) ની જોગવાઈઓને અધીન રહીને, યોગ્ય સત્તાધિકારીએ પ્રમાણપત્ર આપવા અથવા આપવાની ના પાડવા માટે કરેલો કોઈ હુકમ, અને પેટા–કલમ (૪) હેઠળ રાજ્ય સરકારે કરેલો હુકમ, આખરી ગણાશે અને તેની સામે કોઈપણ કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

## કલમ ૬(ક) — પ્રતિબંધિત પ્રાણીઓનું પરિવહન

આ જ કાયદાની કલમ ૬ A મુજબ, ગાય, ગાયનું વાછરડું, બળદ અથવા બળદને કાયદાનો ભંગ કરીને કતલ કરવાના હેતુથી રાજ્યની અંદર એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવા અથવા લઈ જવાની વ્યવસ્થા કરવા પર પ્રતિબંધ છે. કાયદામાં માન્ય કૃષિ અથવા પશુપાલનના હેતુ માટે જરૂરી પરવાનગીની જોગવાઈ છે.

## કલમ ૬(ખ) — ગૌમાંસના વેચાણ અને સંગ્રહ પર પ્રતિબંધ

કલમ ૬ B મુજબ, ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટોનું સીધું કે આડકતરી રીતે વેચાણ, ખરીદી, સંગ્રહ, પરિવહન અથવા વેચાણ માટે પ્રદર્શન કરવા પર પ્રતિબંધ છે. આ કલમ હેઠળ ગૌમાંસના પરિવહનમાં

વપરાતું વાહન પણ જપ્ત થઈ શકે છે અને ૨૦૧૭ના સુધારા મુજબ કાયદાકીય પ્રક્રિયા પછી સરકાર હસ્તક થઈ શકે છે.

**કલમ ૮(૨) — ગાય વગેરેની ગેરકાયદેસર કતલની સજા**

કલમ ૫(૧ A)માં દર્શાવેલાં પ્રાણીઓની કતલ કરવાના ગુનામાં દોષિત ઠરે તો ૨૦૧૭ના સુધારા મુજબ:

- ઓછામાં ઓછી ૧૦ વર્ષની કેદ અને મહત્તમ આજીવન કેદ.
- ઓછામાં ઓછો ₹૧ લાખ અને મહત્તમ ₹૫ લાખનો દંડ.

**કલમ ૮(૪) — ગૌમાંસ સંબંધિત ગુનાની સજા**

કલમ ૮(૪)માં આવરી લેવાયેલા ગુનામાં દોષિત ઠરે તો ૨૦૧૭ના સુધારા મુજબ:

- ઓછામાં ઓછી ૭ વર્ષની અને મહત્તમ ૧૦ વર્ષની કેદ.
- ઓછામાં ઓછો ₹૧ લાખ અને મહત્તમ ₹૫ લાખનો દંડ.

આ સજાની જોગવાઈ સંબંધિત ગુનો કાયદાની કઈ પેટાકલમ હેઠળ આવે છે તેના આધારે લાગુ પડે છે.

**૨. ધી પ્રિવેન્શન ઑફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, ૧૯૬૦**

**કલમ ૧૧(૧)(એલ) — પ્રાણીઓ સાથે ક્રૂરતા**

આ કલમ મુજબ કોઈપણ પ્રાણીને અંગભંગ કરવો અથવા તેને સ્ટ્રિકનાઇન (Strychnine) જેવા ઝેરી પદાર્થનું હૃદયમાં ઇન્જેક્શન આપીને કે અન્ય બિનજરૂરી રીતે ક્રૂર પદ્ધતિથી મારી નાખવું ગુનો છે. તેમાં રખડતા કૂતરાઓનો પણ સમાવેશ થાય છે.

આ કલમ હેઠળની સજા કાયદામાં દર્શાવેલી જોગવાઈ મુજબ છે: પ્રથમ ગુના માટે ₹૧૦થી ₹૫૦ સુધીનો દંડ અને ત્રણ વર્ષની અંદર ફરી ગુનો થાય તો ₹૨૫થી ₹૧૦૦ સુધીનો દંડ અથવા ત્રણ મહિના સુધીની કેદ અથવા બંને થઈ શકે છે.

**(૨૯) અહીં એ જોવાનું રહે છે કે બનાવવાળી જગ્યા કંઇ હતી અને તે કોના કબજા ભોગવટામાં હતી ?**

- અહીં આંક–૨૫ થી બનાવવાળી જગ્યાના પંચ વિષ્ણુભાઇ ડામરાભાઇ જોષીનાઓએ આંક–૨૬થી આ જગ્યાનું પંચનામું રજુ કરી તે પંચનામામાં લખેલ સમગ્ર લખાણને CORROBORATE કરેલ છે.
- આ બનાવવાળી જગ્યા જામળા ગામના ઢાંકણી વાસમાં હતી.
- આ જગ્યા લાલભાઇ સેનમાના કબજા ભોગવટામાં હતી જે હકીકત આંક–૩૬ના સાહેદ આનલબેન અરૂણભાઇ પ્રજાપતિના પુરાવાથી પુરવાર થયેલ છે.
- આંક–૩૬ના સાહેદે આપેલ આંક–૩૭ ના ગ્રામપંચાયતના રીપોર્ટ પ્રમાણે આ લાલભાઇ સેનમા આ બનાવવાળી જગ્યાનો કબજો ભોગવટો ધરાવતા હતા તે પુરવાર થયેલ છે.
- તે જ રીતે આંક–૨૨ના ડૉ.જીગ્નેશકુમાર વિષ્ણુભાઇ પટેલ આ જ આંક–૨૬ના પંચનામામાં દર્શાવેલ જગ્યા ઉપર તા.૨૨/૦૮/ ૨૦૨૪ના રોજ પહોંચી સદર જગ્યાએ આંક–૨૪ નો રીપોર્ટ તૈયાર કરેલ હતો.
- માટે આ પશુચિકિત્સકએ આ જ આંક–૨૬ ની જગ્યા ઉપર જાતે, પોલીસની આંક–૨૩ની યાદી સંદર્ભે હાજર રહી, આ જ જગ્યાથી જે કાંઇ ચીજવસ્તુઓ મળી આવેલ તે અંગેની કાર્યવાહી કરેલ હતી.
- એ જ રીતે આંક–૪૧ના સાહેદ પ્રિયંક ગોકુલભાઇ ઠકકરનાઓએ આંક–૪૨ નો દાખલો રજુ કરેલ તે પ્રમાણે પણ આ જામળા ગામમાં આ લાલભાઇ સેનમા કતલખાનું ચલાવે છે તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.
- માટે આ આંક–૪૧ના સાહેદ પણ એ હકીકતને સમર્થન કરે છે કે જામળા ગામે આ જ બનાવવાળી જગ્યા લાલાભાઇ સેનમાના કબજા ભોગવટાની છે અને તેઓ ત્યાં જ કતલખાનું ચલાવે છે.

- આંક–૪૩ થી ફરીયાદી જયેન્દ્રકુમાર કાંતિલાલ પનારા અને અન્ય તમામ પોલીસ કર્મીઓ આ જ આંક–૨૬ ના પંચનામામાં દર્શાવેલ જગ્યા ઉપર રેડ કરી હતી તે હકીકત પુરવાર થાય છે.
- આંક–૪૪ ની ફરીયાદમાં પણ આ જ આંક–૨૬ ના પંચનામામાં જે સરનામું લખેલ છે તે જ દર્શાવેલ છે અને આ જ જગ્યા બનાવવાળી જગ્યા હતી તે પુરવાર થાય છે.
- આ જ ફરીયાદીની આંક–૪૪ વાળી ફરીયાદની હકીકતોને રેડીંગ પાર્ટીના અન્ય સભ્યો પ્રકાશભાઇ કુબેરભાઇ ચૌધરીનાઓ આંક–૪૯ થી સંપુર્ણ સમર્થન આપી તેઓ આ જ આંક–૨૬ અને આંક–૪૪ની ફરીયાદમાં દર્શાવેલ જગ્યા ઉપર રેક કરવા ગયેલા હતા તે હકીકત એકબીજાથી સુસંગત જણાઇ આવે છે.
- આંક–૫૦ના સાહેદ નરેન્દ્રકુમાર બાબુભાઇ પટેલ પણ આ લાલાભાઇ સેનમા અને તેઓનો દિકરો ભુપતભાઇ આ જ જામળા ગામે આ જ આંક–૨૬ની જગ્યા ઉપર રહે છે અને આ જ લાલાભાઇ સેનમા અને તેઓના દિકરાએ તેઓની પાસેથી રેલીઓ અને ગાયો ખરીદ કરેલી.
- માટે આ સાહેદના પુરાવાથી પણ આ જ આંક–૨૬ના પંચનામામાં જે જગ્યા દર્શાવેલ છે તે આ જ જગ્યા બનાવવાળી જગ્યા છે.
- આમ આ કામના તમામ સાહેદો અને પંચસાહેદો આ જ આંક–૨૬ના પંચનામામાં દર્શાવેલ જગ્યા બનાવવાળી જગ્યા હતી અને આ જગ્યા લાલાભાઇ સેનમાના કબજા ભોગવટામાં હતી તે જામળા ગામે હતી તે હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે.

**(૩૦) હવે જોવાનું એ રહે કે,આ બનાવવાળી જગ્યાએથી રેડીંગ પાર્ટીના સમક્ષ શું મળી આવેલ અને બનાવવાળી જગ્યાએ કોણ કોણ હાજર હતા ?**

➔ અહીં આંક–૪૩ થી ફરીયાદીનો પુરાવો અને આંક– ૪૪ ની ફરીયાદ સાથે વંચાણે લેતા, એ હકીકતો રેકર્ડ ઉપર પુરવાર થયેલ છે કે

- ફરીયાદી તથા તેમની સાથે આંક–૪૪ વાળી ફરીયાદમાં જણાવ્યા પ્રમાણેના તમામ પોલીસકર્મીઓ તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ આંક–૨૬ના પંચનામામાં દર્શાવેલ બનાવવાળી જગ્યા જે જામળા ગામે ઢાંકણીવાસે સદર જગ્યા રેડ કરવા પહોંચેલ એ હકીકત પુરવાર થયેલ છે.
- આ જ જગ્યાએ આંક–૪૪ની ફરીયાદ જે ફરીયાદ ફરીયાદી તપાસ અધિકારી તથા પી.એસ.ઓ.ના પુરાવાથી પુરવાર થયેલ છે. તેમા દર્શાવ્યા પ્રમાણે આ ઘર આરોપી લાલાભાઇ સેનમાના કબજા ભોગવટામા હતુ.
- આ તમામ પોલીસ કર્મીઓ આ જગ્યાએ પહોંચતા ત્યાં બે માળના મકાનનું આ કામના ચારેચાર આરોપીઓ સદર જગ્યાએ હાજર મળી આવેલ હતાં જે હકીકતનું ખંડન કરતો પુરાવો આરોપી તરફે આપવામાં આવેલ નથી.
- આ તમામ આરોપીઓને ફરીયાદી, રેડીંગ પાર્ટીના બીજા સભ્યો પ્રકાશભાઇ કુબેરભાઇ ચૌધરી, પંચ વિષ્ણુભાઇ ડામરભાઇ જોશી જે ગુનાવાળી જગ્યાના પંચ છે તેઓ આ તમામ આરોપીઓને કોર્ટ સ્પષ્ટપણે ઓળખી બતાવે છે.
- તદઉપરાંત આંક–૪૩ થી ફરીયાદી અને આંક–૪૯ના પ્રકાશભાઇ નાઓએ કોર્ટ સમક્ષ પણ પોતાના પુરાવામાં પણ લાલાભાઇ મણીભાઇ સેનમા, વસીમ કુરેશી, અસ્ફાક અને કુરેશી અને મહોમદરફીક મહોમદહનીફ કુરેશીનઓને ઓળખી બતાવે છે અને આ જ આરોપીઓ આ તા.૨૨/૦૮/૨૦૨૫ના રોજ આ જ બનાવવાળી જગ્યાએ હાજર હતા તેવું સ્પષ્ટ જણાવે છે.
- એટલે કે આ કામના ચારેય આરોપીઓની હાજરી, તેઓની બનાવ સમયે બનાવવાળી જગ્યાએ બનાવના દિવસે હાજરી અંગેની ઓળખ તે સમગ્ર હકીકતો પરથી આ જ ચારેય આરોપીઓ આંક–

૨૬ પંચનામામાં દર્શાવેલ જગ્યા ઉપર પ્રત્યક્ષ હાજર મળી આવેલ તે હકીકત પુરવાર થાય છે.

- તદઉપરાંત ફરીયાદી, રેડીંગ પાર્ટીના સભ્યો અને બનાવવાળી જગ્યાના પંચના પુરાવાથી આ તમામ આરોપીઓની હાજરી આ જ બનાવવાળી જગ્યાએથી બે છરા, કુહાડી, વજનકાંટા, ગાયોના માથા, પગ, જઠર, ચામડી મળી આવેલ હતું. જેમાંથી છરા, કુહાડી અને વજનકાંટા અને ગાય બાંધવાનુ દોરડું તથા આરોપીઓ પાસેથી મળી આવેલ તમામ મુદામાલ આંક-૨૫ના પંચ વિષ્ણુભાઇ ડામરભાઇ જોશીનાઓની હાજરીમાં આંક-૨૭ થી ૩૫ સુધીની પંચસ્લીપો કાયદેસર રીતે કબજે લેવામાં આવેલ.
- આ તમામ મુદામાલ તમામ સાહેદોએ કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે અને આ મુદામાલ જેની ઓળખાણ થયેલ છે તેનાથી વિરૂદ્ધ નો કોઈ પુરાવો આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. જેથી આંક-૨૭ થી ૩૫ તમામ મુદામાલ બનાવવાળી જગ્યાએથી ચારેય આરોપીઓની હાજરીમાં આંક-૪૦નું પંચનામું કરીને કબજે લેવામાં આવેલ હતું તે હકીકત પુરવાર થાય છે.
- તદઉપરાંત આ જ બનાવવાળી જગ્યાના બીજા રૂમમાં જતા ત્યાં ગૌમાંસ પણ પડેલ હતું અને એક જીવતી કાળા કલરની એચ.એફ. પ્રકારની ગાય પણ હતી.
- તે સિવાય આ જ બનાવવાળી જગ્યાની આગળ પીકપ ડાલું અને લોડીંગ રીક્ષા પણ પડેલ હતી. જેમાં ફરીયાદીના કેસ પ્રમાણે આ ગૌમાંસની હેરાફેરી થતી હતી.
- સદર કામે આ જ આરોપીઓના ઘરની બહાર પીકપ ડાલું અને લોડીગ રીક્ષા તપાસના કામે સદર મુદામાલ વાહનન જપ્ત કરી નામદાર કલેકટરશ્રીના હુકમ મુજબ જાહેર હરાજી કરવામાં આવેલ એટલેકે આ બંને વાહન આ જ ગૌમાંસની તસ્કરી કરવામાં

ઉપયોગમાં લેવામાં આવતું હતું માટે જ આ બંને વાહનોની જાહેર હરાજી સંદર્ભે આરોપી તરફે કોઇ પણ વાંધો લેવામાં આવેલ નહીં.

- આ જ જગ્યાએથી સાત મોટી ગાયો અને બે વાછડરાં પણ ઉપરોકત પ્રમાણેના સાહેદોની હાજરીમાં આંક–૪૧ના સાહેદ પ્રિયંક ગોકુળભાઇ દ્વારા મેનેજ કરવામાં આવતી જલારામ ગૌસેવા ટ્રસ્ટ ગાંધીનગરનાઓને સારસંભાળ લેવા માટે મોકલેલ જે બાબતે આંક–૪૨નો અહેવાલ કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે.
- આ આંક–૪૧ અને ૪૨નો પુરાવો સાથે વંચાણે લેતા તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ આ જલારામ ગૌસેવા ટ્રસ્ટ દ્વારા આ જ જામળા ગામે લાલાભાઇ સેનમાના ઘરે જયાં કતલખાનું ચાલતું હતું તેમાં જે જીવતી ગાયો મળી આવી તેને તેમની સંસ્થાની એબ્યુલન્સમાં કુલ ૧૧ ગૌવંશ જેમા ૯ ગાયો એક બળદ અને એક નાનું વાંછરડું હતુ.
- એટલે કે આ જ બનાવવાળી જગ્યાના મકાનની બહારથી જ આંક–૪૨ના દાખલામાં દર્શાવ્યા પ્રમાણેના ગૌવંશ કબજે કરી સાચવણી માટે આ ગૌશાળામાં મોકલવામાં આવેલ તે હકીકત પુરવાર થાય છે.
- તદઉપરાંત આ જ તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ પોલીસ દ્વારા આંક–૨૨ના પશુ ચિકિત્સક ડૉ.જીગ્નેશકુમાર વિષ્ણુભાઇનાઓ કે જેઓ લોદરા પશુ દવાખાને ફરજ બજાવતા હતા અને જામળા માણસાનો ચાર્જ પણ તેઓની પાસે હતો તેઓ પણ આંક–૨૩ ની યાદીના આધારે તેઓ પોતે તથા આરતી કાપડી અને ડૉ.પરેશ વીરપાલી તે તમામ આ બનાવવાળા સ્થળે પહોંચેલા.
- આક–૨૩ની યાદીમાં પણ આ જ બનાવનું સ્થળ દર્શાવેલ છે અને આ જ જગ્યાએ આ ત્રણેય પશુચિકિત્સકે પહોંચી બનાવવાળી જગ્યાએથી કતલ થયેલા પશુઓના કુલ ૭ સેમ્પલ લઇ સોડીયમ

કલોરાઈલડમાં પ્રીજર્વ કરી એફ.એસ.એલ.ખાતે મોકલવા બકકલ નં.૭૨૪ ને સુપ્રત કરી તેનો રીપોર્ટ આંક–૨૪થી રજુ કરેલ.

- બનાવવાળી જગ્યાએથી રેડીંગ પાર્ટ અને બનાવવાળી જગ્યાના પંચ સિવાય આ ત્રણેય ર્ડાકટરોએ આંક–૨૪ના રીપોર્ટમાં બનાવવાળી જગ્યાએથી જે અંશ મળી આવેલ તેની સંપુર્ણ વિગત દર્શાવેલ છે.
- આ આંક–૨૪નો રીપોર્ટ આ જ બનાવવાળી જગ્યાએ બનાવેલ હતો તે હકીકત ઉલટતપાસના રેકર્ડ ઉપર આવેલ છે અને આ જ રીપોર્ટ રીસીવ કર્યા બદલ પોલીસવાળાની સહી છે એટલે આ આંક–૨૩ વાળા પશુચિકિત્સક અને આક–૨૪ના રીપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે સહીઓ આ ર્ડા.જીગ્નેશકુમાર અને તેઓની સાથે આરતી કાપડી અને ર્ડા.પરેશ વીરપાલીનાઓએ સાથે રહી કાર્યવાહી કરી સહી કરેલ તે હકીકત પુરવાર થાય છે.
- આમ આ જ બનાવ સ્થળેથી ફરીયાદમાં દર્શાવ્યા પ્રમાણેના ગૌઅંશો અને તેની હેરાફેરી માટેના વાહનો મળી આવેલ તદઉપરાંત આ ગૌ કાપવાના ઓજારો અને તેને ગાયને બાંધવાના દોરડા તથા ગૌમાંસ મળી આવેલ.
- તે જ દિવસે આ જ જગ્યાએ જે માંસ મળી આવેલ તેનું વજન કરતા તે ૨૭૭ કિલોગ્રામ નું માંસ આરોપીઓની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ તે હકીકત પુરવાર થાય છે.
- તદઉપરાંત આ માંસને સેમ્પલ રાખી તે સમગ્ર માંસનું તા.૨૭/૦૮/૨૦૨૪ના રોજ આંક–૩૯ના પંચ ઈશ્વરજી દાજીજી ચાવડાનાઓની હાજરીમાં આ જ નારદીપુર આઉટપોસ્ટ પાસે ખાડો કરી તેમાં મીઠું નાખી આ માંસનું નીકાલ કરવામાં આવેલ જે આંક–૪૦ ના પંચનામામાં દર્શાવેલ છે.

**(૩૧) હવે જોવાનું એ રહે કે, આ આંક–૨૬ વાળી બનાવવાળી જગ્યાએથી ચારેય આરોપીઓની હાજરીમાં મળી આવેલ પશું અંશ અને માંસ કોનું હતું તે ફરીયાદપક્ષે પુરવાર કરવું પડે.**

- અહીં આંક–૪૩ અને ૪૪ નો ફરીયાદીનો પુરાવો તેની સાથે રેડમાં સામેલ પ્રકાશભાઇ કુબેરભાઇ ચૌધરી તથા આંક–૨૫ના વિષ્ણુભાઇ ડામરાભાઇ જોશી તથા આક–૨૨ના ર્ડા.જીગ્નેશકુમાર વિષ્ણુભાઇ પટેલ તમામનો પુરાવો જોતા આ જ આંક–૨૬ના બનાવવાળી જગ્યાએથી આંક–૨૪, ૨૬, ૩૮, ૪૦ અને ૪૨માં દર્શવોલ પ્રમાણેના તમામ પશુ અંશો આંક–૫૫ નું રવાનગી પત્રક કરી આંક–૫૭ ની પોલીસ યાદી દ્બારા એફ.એસ.એલ.કચેરીએ તપાસ અર્થે મોકલેલ હતો તે હકીકત નિર્વાદિત છે.
- આરોપી તરફે કોઇ જગ્યાએ એવો ડિફેન્સ લેવામાં આવેલ નથી આંક–૨૬ વાળી જગ્યાએથી મળી આવેલ માંસના નમુના અને અવશેષો એફ.એસ.એલ.કચેરીએ મોકલવામાં આવેલ ન હતાં.
- એટલે કે આંક–૨૬ ની બનાવવાળી જગ્યાએથી તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ કલાક ૨૩/૦૦ વાગે એફ.એસ.એલ. કચેરીએ મોકલાવેલ જે પ્રમાણે આંક–૫૫ ના રવાનગી પત્રક અને સત્તાના પ્રમાણપત્ર સાથે સદર બનાવવાળી જગ્યાએથી કબજે લીધેલ મુદામાલ એફ.એસ.એલ. કચેરી ખાતે ચકાસણી માટે તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ આ મુદામાલ એફ.એસ.એલ.કચેરીને મળી ગયેલ હતો.
- જે આંક–૫૫ નો રવાનગી પત્રક અને એફ.એસ.એલ. કચેરી દ્બારા રીસીવ કરવામાં આવેલ પાવતી કોઇપણ રીતે શંકાશીલ જણાઇ આવતી નથી કે આરોપી તરફે પણ આંક–૫૫ નો રવાનગી પત્રક અને મુદામાલ રીસીવ કર્યાની પાવતી ખોટી છે અથવા ઉપજાવી કાઢેલ છે તે અગેનો કોઇ ડિફેન્સ લેવામાં આવેલ નથી.

➢ આંક–૫૫ના રવાનગી પત્રકથી જે મુદામાલ એફ.એસ.એલ. કચેરીએ મોકલેલ તે મુદામાલ રીપોર્ટ આંક–૫૮ થી કોર્ટમાં રજુ થયેલ છે જે અહેવાલની તા.૨૪/૦૮/૨૦૨૪ના રોજની છે અને મોકલવામાં આવેલા તમામ અવશેષોમાં ગૌવંશની હાજરી મળી આવેલ હતી તેવું સ્પષ્ટ દર્શાવેલ છે.

➢ આરોપી તરફે એવો ડિફેન્સ લેવામાં આવેલ છેકે આ સાયન્ટીફિક ઓફિસરને તપાસવામાં આવેલ નથી જેથી આ આક–૫૮ નો રીપોર્ટ શંકાશીલ જણાઇ આવે છે પરંતુ સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના અસંખ્ય ચુકાદાઓ પ્રમાણે એફ.એસ.એલ. કચેરીનો સંપુર્ણ ગ્રાહય રાખી શકાય અને અધિકારીને તપાસવાની જરૂર રહેતી નથી.

➢ માટે આંક–૫૮ નો અહેવાલ SELF SPEAKING છે અને તે પ્રમાણે આ જ કેસ નંબર જે રવાનગી પત્રક આંક–૫૫માં દર્શાવેલ છે તેના અનુસધાને જે સેમ્પલો એફ.એસ.એલ. ચકાસણીમાં મોકલવામાં આવેલ તે જ રીપોર્ટ એફ.એસ.એલ. કચેરી દ્વારા મોકલેલ તે પ્રમાણે આંક–૨૬ ની બનાવવાળી જગ્યાએથી આરોપીઓની હાજરીમાં કબજે કરવામાં આવેલ તે ગૌવંશના અવશેષો છે તે હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે.

**(૩૨) આરોપી તરફે આંક–૬૪ ની દલીલોમાં નીચે પ્રમાણેના ડિફેન્સ લેવામાં આવેલ છે.**

1. સૌથી વધારે ભાર આરોપી તરફેએ હકીકત ઉપર મુકવામાં આવે છે કે આંક–૫૮મા એફ.એસ.એલ.અભિપ્રાય આવતા પહેલાં જ ફરીયાદી અને તમામ સાહેદોએ આંક–૨૬ વાળી જગ્યાએથી મળી આવેલ માંસ ગૌમાંસ હતું તેવું માની લીધેલ હતું.

2. સદર જગ્યાએથી કહેવાતા જે હથીયારો મળી આવેલા તે ગુનાના કામે વપરાયેલ હોય તે પુરવાર કરવા એફ.એસ.એલ.માં મોકલી તે હથીયાર ઉપર ગૌવંશના લોહીની હાજરીની ચકાસણી કરવામાં આવેલ નથી.
3. ફરીયાદી અને રેડીંગ પાર્ટીના સભ્યોના પુરાવા પ્રમાણે આ આરોપી લાલાભાઈ સેનમા પોલીસ જાપ્તામાં હતા ત્યારે પોલીસ સમક્ષના નિવેદન પ્રમાણે તેઓએ જે કાંઈ જણાવેલ તેના આધારે આરોપી વિરૂદ્ધ ફરીયાદ નોંધલ જે બી.એસ.એ.ની કલમો પ્રમાણે ગ્રાહય રાખી શકાય નહીં.
4. આરોપી તરફે આંક–૪૩ ની સરતપાસમાં ફરીયાદીએ જે હકીકતો જણાવેલી તે અને આંક–૨૫ના પંચના પુરાવાની હકીકતો વચ્ચે વિરધાભાષ છે તેવું જણાવેલ છે કે આ સદર મળેલ માંસનું પોલીસે ત્યાં લટકતાં કાંટા ઉપર વજન કરેલ તે ૨૭૭ કિ.ગ્રા.માંસ હતું જયારે ફરીયાદીએ વજન કાંટાવાળા પ્રકાશભાઈ સાલ્વીને બોલાવી કહેવાતા માંસનું વજન કરાવેલ તેવું જણાવેલ છે જેથી આ વિરોધાભાષનો લાભ આરોપીને લાભ મળવો જોઈએ.
5. ફરીયાદી કેસ પ્રમાણે મળી આવેલ ૭ ગાયો ૧ વાછરડાને કબજે કરવામાં આવેલ તેની ઉંમર કે ઓળખનું કોઈ વર્ણન કરેલ નથી કે તેમના ઓળખ અંગેના કાન ઉપર કોઈ ટેગ લગાડવામાં આવેલ નથી અને આવી ટેગ લગાડેલ ગૌવંશો ગૌશાળાને સોંપવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો નથી.
6. તે જ રીતે ફરીયાદપક્ષે કહેવાતા માંસનું જે નાશ કરેલ તે માટે કોર્ટની પરવાનગી લીધેલ નથી.
7. એજ રીતે આ જે ૧૧ ગૌવંશો જલારામ ગૌશાળાએ કહેવાતી રીતે સોંપવામાં આવેલ તે માટે પણ કોર્ટની કોઈ પરવાનગી લીધેલ નથી.
8. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં એફ.એસ.એલ.અધિકારીએ કેટલા નમુના ચાદ કરેલ ન હોય અને પંચનામુ કરેલ અને પંચસ્લીપ કરેલ તેવું દર્શાવેલ નથી જેથી ફરીયાદ શંકાશીલ જણાઈ આવેલ નથી.

9. મળી આવેલ બાતમીની સદર પો.સ્ટે.માં કોઇ નોંધ કરવામાં આવેલ નથી.
10. આંક–૪૩ની ઉલટતપાસમાં આ કામની ફરીયાદ તેમના સહકર્મચારીને જે બાતમી મળેલ અને આરોપીઓએ પી.એસ.આઇ. રૂબરૂ જે નિવેદન આપેલ તે આધારે કરેલ માટે ખોટી ફરીયાદ છે.
11. બનાવવાળી જગ્યાની કોઇ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલ નથી, રેડમાં કેટલા વાહન અને કયાં નંબરના હતા તે જણાવેલ નથી, રેડમાં જવાની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવેલ નથી, નારદીપુર આઉટપોસ્ટ આવીને પંચનામું કરેલ જેથી આક–૨૬ વાળું પંચનામું સ્થળ ઉપર કરેલાનું ખોટું જણાઇ આવે છે.
12. તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ કયાં નમુના એફ.એસ.એલ.માં ગયેલા અને કયાં નમુનાનો રીપોર્ટ કરેલ કારણ કે એફ.એસ.એલ.રીપોર્ટમાં તા.૨૩/૦૮/૨૦૨૪ જે સ્વીકાર્યા અંગેની પાવતી તેમાં લખેલ છે જયારે તેનો રીપોર્ટ તા.૨૪/૦૮/૨૦૨૪ લખેલ છે માટે બધા નમુના ચકાસણી માટે લઇ ગયેલ તેનો રીપોર્ટ રેકર્ડ ઉપર આવેલ નથી.
13. બીજા નમુના મોકલ્યાનો નાશ કરેલ પણ ખાલી ડબ્બાઓનું પોલીસે શું કરેલ તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.
14. તે જ રીતે આંક–૪૧ના સાહેદ પ્રમાણે પોલીસે ૧૧ ગૌવંશમાં ૯ ગાયો ૧ વાછરડું અને ૧ બળદ ગૌશાળામાં મોકલેલ તે પ્રમાણે આંક–૪૪ મુજબ ૧ વાછરડું કયાં ગયેલ તે હકીકત પુરવાર થયેલ નથી.
15. કલોલ તાલુકા પો.સ્ટે.નો ગુ.ર.નં.૬૧૦/૨૦૨૪ જે યાદી આંક–૨૨ના સાહેદને મોકલવામાં આવેલ જેથી ગુ.ર.નબર લખેલ યાદી રેકર્ડ ઉપર નથી.

16. આંક–૨૪ના રીપોર્ટમાં પ્રથમદ્રષ્ટીએ ગૌમાંસ હોય તેવું લખેલ નથી જેથી આંક–૪૪ની ફરીયાદ એફ.એસ.એલ.રીપોર્ટ વગર જ મનસ્વી આપવામાં આવેલ છે.

17. આક–૫૫ થી તા.૨૪/૦૮/૨૦૨૪ના રોજ એફ.એસ.એલ. માં ત્રણ વાર નમુના ગયેલ છે તવું જણાઈ આવેલ છે.

(૩૩) ઉપરોકત પ્રમાણે આરોપીઓનો મહત્વોનો ડિફેન્સ એ છે કે, બનાવવાળી જગ્યાએથી જે કહેવાતું માંસ મળી આવેલ તે એફ.એસ.એલ. રીપોર્ટ આવ્યા પહેલાં જ ગૌ માંસ હતું તેવું માની આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ આપવામાં આવેલ હતી.

પરંતુ આંક–૪૪ ની ફરીયાદ, રેડીંગ પાર્ટીના સભ્યો આંક–૪૯ તેમજ અન્ય પંચસાહેદોનો કોર્ટ સમક્ષનો તટસ્થ પુરાવો તથા આંક–૪૪ ની ફરીયાદ, આંક–૨૬ ની બનાવવાળી જગ્યાનું પંચનામું જોતાં, આંક–૨૨ ના પશુચિકિત્સક શ્રી જયારે બનાવના સ્થળે પ્રત્યક્ષ રીતે ગાયોના માથા, પગ અને ચામડું મળી આવેલ એટલે કે પ્રથમ દ્રષ્ટીએ જયારે ફરીયાદી અને સાથેના રેડીંગ પાર્ટીના સભ્યોનો બનાવના સ્થળે ગાયના માથા, ચામડું, પગ જોયેલ હતા તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે. **<u>પૃથ્વી પર કયો એવો માનવી હશે જે ગાયનું મુખ ન ઓળખી શકે.</u>** એટલે સદર કામે જે ફરીયાદ આપવામાં આવેલ છે તે પ્રથમ દ્રષ્ટીએ બનાવવાળી જગ્યાએ ગાયોના જે જે અવશોષો મળી આવેલ અને ત્યાં એક જીવતી કાળા કલરની ગાય પણ મળી આવેલ અને વજનકાંટા ઉપર બનાવવાળી જગ્યાએ જે માંસ મળી આવેલ તેનું વજન કરતાં ૨૭૭ કિ.ગ્રા. માંસ હતું એટલે જયારે સીધો અને સચોટ પુરાવો બનાવવાળી જગ્યાએ ફરીયાદી, રેડીંગ પાર્ટીના સભ્યો, પંચસાહેદ, પશુચિકિત્સક અને આરોપીઓની પોતાની હાજરીમાં મળી આવેલ ત્યારે દેખીતી રીતે ગાયોનું મુખ, ચામડું વિગેરે મળી આવેલ તે હકીકત સ્પષ્ટરીતે પુરવાર થાય છે.

તદઉપરાંત આંક–૨૫ના સ્વતંત્ર પંચ વિષ્ણુભાઈ ડામરાભાઈ જોશીનાઓએ સ્પષ્ટ પુરાવો આપતા જણાવે છે કે " આ ચાર ઈસમો જે હાજર હતા તેઓ ગાય કાપી તેનું માંસ અલગ કરતા હતા " અને " આ માંસ જોતાં તેમાં ગાયનું ચામડું, પગ, શીંગડા અને જઠરો હતાં ". તે જ રીતે આંક–૨૬ના પંચનામું જે પુરવાર થયેલ છે તેમા સ્પષ્ટ જણાવે છે કે ડાબી બાજુના મકાનના ઓરડામાં ચાર ઈસમો ગાય કાપી તેનું માંસ અલગ કરતા હોય.... કટીંગની પવૃતિ ચાલુ હોય જે જગ્યાએ ગાયોના માથા, પગ અને ચામડું વિગેરે જોતા પ્રથમ દ્રષ્ટીએ ગાયના અવશેષો જણાતા હોવાનું.. જે રૂમમાં જોતા જયાં પણ માંસનો ઢગલો પડેલ હતો જે ગાયના અવશેષો જણાઇ આવેલ તેવું સ્પષ્ટ આંક–૨૬ના પંચનામામાં જણાવેલ છે જેથી પ્રાથમિક દ્રષ્ટીએ આ તમામ અંશો ગૌવંશ હોવાનું તથા માંસ ગૌમાંસ હોવાનું જણાઈ આવેલ હતું.

તદઉપરાંત બનાવના બે દિવસ બાદ જ એફ.એસ.એલ. નો જે રીપોર્ટ આવેલ તેમાં પણ ફરીયાદપક્ષ દ્વારા આપવામાં આવેલ ફરીયાદ અને અન્ય સાહેદોના પુરાવાને ખંડન કરતો આંક–૫૮ નો એફ.એસ.એલ.રીપોર્ટ નથી એટલે કે આંક–૨૬ ની બનાવવાળી જગ્યાએથી મળી આવેલ તમામ માંસ નમુનાઓ લઈ એફ.એસ.એલ. મોકલવાની તજવીજ કરેલી તે તમામ પુરાવાઓ આંક–૫૮ના એફ.એસ.એલ.રીપોર્ટને પણ કોરોબરેટ કરે છે એટલે ફરીયાદ મનસ્વી રીતે આપેલ હોય તે હકીકત માની શકાય નહીં. કદાચ એફ.એસ.એલ. રીપોર્ટ આંક–જની ફરીયાદ હકીકતોના વિરૂદ્ધનો આવેલ હોય તો જ ફરીયાદપક્ષના કેસ ઉપર શંકા જાય પણ અહીં તો એફ.એસ.એલ. રીપોર્ટ અને ફરીયાદ તથા તમામ સાહેદોના પુરાવાઓ એકબીજા સાથે સંપુર્ણ રીતે સુસંગત જણાઈ આવતા હોય આંક–૨૬ના પંચનામામાં દર્શાવેલ બનાવવાળી જગ્યાએથી જે કાંઇ અંશો મળી આવેલ તે ગાયના હતા, તે જગયાએ ગાયોનું કતલખાનું હતું જે જગ્યા આરોપી નં.૧ લાલાભાઈ સેનમાના કબજા ભોગવટાની હતી જે આરોપી નં.૧ લાલાભાઈ સેનમા અને તેઓનો પુત્ર આરોપી નં.૬ વિઠ્ઠલ ઉર્ફે ભુપત આંક–૫૦ના સાહેદ નરેન્દ્રકુમાર બાબુભાઈ પટેલ પાસેથી ગાયો અને રેલ્લીઓ ખરીદીને લાવેલ હતા તે હકીકત પરથી એ

પુરવાર થાય છે કે આ જ ગાયો જે ખરીદીને લાવેલ તેઓનું આરોપીઓ દ્વારા કતલ કરવામાં આવેલ. તે જ માંસ જે ૨૭૭ કિ.ગ્રા. હતું તે બનાવના સ્થળેથી આરોપીઓની હાજરીમાં મળી આવેલ.

આરોપી તરફે લેવામાં આવેલ ડિફેન્સ બનાવના સ્થળેથી મળી આવેલ ઓજારો એફ.એસ.એલ. ખાતે ચકાસણી અર્થે જે નમુના મોકલવામાં આવેલ નથી કે મળી આવેલ બંને વાહનોની પણ યોગ્ય ચકાસણી કરવામાં આવેલ નથી. અહીં બનાવાવળી જગ્યાએથી મળી આવેલ ૨૭૭ કિ.ગ્રા. ગૌમાંસ સ્વાભારીક રીતે આટલો મોટો જથ્થો એ એક વ્યકિત હેરફેર કરી શકે તે માની શકાય નહીં એટલે કે ફરીયાદપક્ષના કથન પ્રમાણે આ ગૌમાંસ પોતાના આર્થિક ફાયદા માટે આરોપી નં. ૨ નાઓ આરોપી નં.૫ મોઇનનાઓને વેચાણ આપતો હતો તે હકીકત પુરવાર થાય છે અને સદર વેચાણની કામગીરી અને ગાયોની હેરાફેરી માટે સદર વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હતો તે હકીકત પુરવાર થાય છે.

આરોપી તરફે લેવામાં આવેલ ડિફેન્સ પ્રમાણે, કહેવાતા બંને વાહનો જે આરોપીની ઘરની બહાર મળી આવેલા તેનો કોઇ આર.ટી.ઓ. માલિકી અંગેના દસ્તાવેજો કોર્ટના રેકર્ડ ઉપર આવેલ નથી પરંતુ આ કેસ ચાલ્યો ત્યાં સુધી એટલા વર્ષ દરમિયાન અન્ય કોઇ વ્યકિત આ વાહનનો કબજો મેળવવા માટે આવેલ હોય તેવુંપણ કેસના રેકર્ડ ઉપર આવેલ નથી માટે આંક–૪૪ ની ફરીયાદ પ્રમાણે આ જ વાહનો આરોપી નં.૧ ના ઘરની બહારથી કાયદેસર રીતે કબજે લેવામાં આવેલ હતા તે વાહનોનો ઉપયોગ સદર ગાયો અને તેના માંસની હેરાફેરી માટે કરવામાં આવતો હતો જેથી ચાર્જશીટ પ્રમાણે આ જ બંને વાહનોની નામ.ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ દ્વારા જાહેર હરાજી કરવામાં આવેલ હતી જેથી આ જ બંને વાહનોમાં આ કામના આરોપીઓ એકબીજાની મદદાગારી કરી આંક–૨૬ની બનાવવાળી જગ્યાએથી ગાયોનું કતલ કરી ગૌમાંસને અલગ અલગ જગ્યાએ વેચતાં હતા તે તમામ હકીકત એકબીજા સાથે સુસંગત હોય તમામ હકીકત પુરવાર થાય છે.

અહીં આરોપી તરફે એફ.એસ.એલ. અધિકારીને તપાસેલ નથી જેથી એફ.એસ.એલ.રીપોર્ટ ગ્રાહય ગણાય નહી તેવો ડિફેન્સ લેવમાં આવેલ છે પરંતુ સી.આર.પી.સી.ની કલમ–૨૯૩ અને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૯ તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૪૫ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૩૯ પ્રમાણે એફ.એસ.એલ.અધિકારીનો અભિપ્રાય એ પુરાવામાં ગ્રાહય ગણાય જેથી આરોપી ઉપરોકત ડિફેન્સ ટકી શકે નહીં.

**(૩૪)** સેશન્સ કેસ નં.૨૫/૨૦૨૬ નો આરોપી જે પાછળથી પકડાયેલો જે આરોપી નં.૧ લાલાભાઇ સેનમાનો પુત્ર હતો તે અને તેના પિતા આંક–૫૦ ના સાહેદ પાસેથી ગાયો વેચાણ લીધેલ હતી અને ત્યારબાદ આ ગાયોનું કતલ કરવામાં આવેલ આરોપીઓ તરફે એવો ડિફેન્સ લેવામાં આવેલ છે કે આ આરોપી વિઠ્ઠલ ઉર્ફે ભુપત બનાવવાળી જગ્યાએ હાજર હતો નહીં જેથી બનાવના તેઓએ કોઇ ભાગ ભજવેલ નથી.

સદર કામે સમગ્ર રેકર્ડ જોતાં પડેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા પ્રમાણે તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ આ બનાવવાળી મરણજનાર આરોપી નં.૧ લાલાભાઇ સેનમાના કબજામાં હતી તે હકીકત પુરવાર થયેલ છે અને આરોપી નં.૨ થી ૪ (૨) વસીમ સ/ઓફ સાહબુદ્દીન બાબુ કુરેશી (૩) મહંમદ રફીક સ/ઓ મહંમદહનીફ અલીભાઇ કુરેશી (૪) અસ્ફાક ઉર્ફે સલમાન સ/ઓ અલ્લારદા અબ્દુલ બહેલીમનાઓ આરોપી નં.૧ લાલાભાઇ સેનમા સાથે બનાવના સમયે બનાવવાળી જગ્યાએ ગાયોનું કતલ કરતાં રંગે હાથ પકડાઇ ગયેલ હતાં એ હકીકત પણ પુરવાર થયેલ છે.

સદર કામે આરોપી નં.૧ લાલાભાઇ સેનમાના પુત્ર વિઠ્ઠલ સેનમા બનાવ સમયે બનાવવાળી જગ્યાએ હતો જ નહીં. તે જ રીતે આરોપી નં.૫ ગુલામ મોઇન ઇસ્તાક અહેમદ કુરેશી પણ બનાવવાળી જગ્યાએ હાજર હતો નહીં.

અહીં નોધનીય એ છે કે, આરોપી વિઠ્ઠલ બનાવ સમયે આરોપી નં.૧ સાથે આ જ જગ્યાએ રહેતો હતો તેવો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો કોર્ટના

રેકર્ડ ઉપર રજુ થયેલ નથી તદઉપરાંત આ જ આરોપી વિઠ્ઠલ અરજણપુરા ગામેથી નરેન્દ્રભાઇ બાબુભાઇ પટેલનાઓની જે ગાયો વેચાણ લાવેલ હતો તેનું જ આ કતલ કરવામાં આવેલ તેવો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો કોર્ટના રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. તે જ રીતે આ કામના આરોપી નં.૧ થી ૪ આ જ આરોપી નં.૫ ગુલામ મોઇન મુસ્તાક અહેમદ કુરેશીને આ માંસ વેચતા હતાં તેવો પણ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો કોર્ટના રેકર્ડ ઉપર રજુ થયેલ નથી અથવા અગાઉ પણ ગૌમાંસ આ જ આરોપી નં.૫ નાઓને આરોપી નં.૧ થી ૪નાઓએ વેચાણ કરેલ હોય અને આ જ આરોપી નં.૫ આવી રીતે ગૌમાંસ ખરીદતો હોય તેવો પણ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો કોર્ટના રેકર્ડ ઉપર રજુ થયેલ નથી જેથી તેઓ વિરૂદ્ધ ગુનો પુરવાર થઇ શકે નહીં.

(૩૫) સદર કામે આરોપી નં.૧ થી ૪ વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ–૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી કુરતા અધિનિયમ–૧૯૬૦ની કલમ–૧૧(૧)(એલ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ તહોમત ઘડવામાં આવેલ છે તે પ્રમાણે આરોપીઓ આંક–૨૬ ની જગ્યાએ ગૌમાંસ સાથે પકડાયેલ અને પ્રથમ દ્રષ્ટીએ જોતા તે ગાયના ચામડા, પગ, મુખ અને અન્ય અવયવો પણ હતાં જે જોઇને ગૌવંશ પર કઇ હદે કુરતા વર્તવામાં આવી હશે તે વિચારી પણ શકાય નહીં. આરોપીઓ પોતાના આર્થિક લાભ માટે તેઓનું ક્રૂરતાથી ગાયોનું કતલ કરી ગાયનું માંસ વેચાણ માટે બહાર મોકલતા હતાં જે બનાવવાળી જગ્યાએથી કુલ ૨૭૭ કિ.ગ્રા. માંસ આરોપીઓની, તમામ સાહેદો અને પંચોની હાજરીમાં મળી આવેલ અને પાછળથી પકડાયેલ આરોપી નં.૬ જે આરોપી નં.૧ નો પુત્ર છે તે પણ આરોપી નં.૧ સાથે ગાયોને ખરીદ કરી સદર મુદામાલ વાહનમાં લાવી તેઓનું કતલ કરી તેનું વેચાણ કરતા હતા તે સમગ્ર હકીકત પુરવાર થાય છે અને આરોપીઓ સામે આક્ષેપાયેલ બી.એન.એસ.ની કલમ–૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ–

૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ), એમ.વી.એકટ-૧૭૭ મુજબના ગુનાઓ સંપુર્ણપણે પુરવાર થાય છે.

**(૩૬)** સદર આરોપી નં.૫ ગુલામ મોઇન મુસ્તાક અહેંમદ ઇસ્માઇલ કુરેશી અને ૬ વિઠ્ઠલ ઉર્ફે ભુપત કાળુભાઇ ઉર્ફે લાલાભાઇ મણીલાલ સેનમા વિરૂદ્ધના તમામ ગુનાઓ પુરવાર થતા નથી.

**(૩૭)** આમ, ફરિયાદપક્ષ આરોપી નં. ૧ થી ૪ વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ) મુજબનો કેસ પુરવાર કરેલ હોય. પુરાવાની ચર્ચા ધ્યાને લેતા, આ કામના આરોપીઓ દ્વારા તેમની વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુનો કરેલ હોવાની હકીકત સંપૂર્ણ રીતે એટલે કે, "Beyond Reasonable Doubt" પુરવાર થતી હોય, તેમજ આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુનો ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોય, જેથી મુદ્દા નં.૧ નો જવાબ **અંશત: હકારમાં** આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

**(૧)** આરોપી **નં.૧ લાલાભાઇ મણીલાલ સેનમા**નાઓ મરણ ગયેલ છે પરંતુ જો જીવતા હોય તો પડેલ પુરાવા પ્રમાણે તેઓ વિરૂદ્ધ સમગ્ર કેસ નિ:શંકપણે પુરવાર થયેલ ગણાત.

(૨) આ કામના આરોપીઓ નં.**(૫) ગુલામ મોઈન મુસ્તાક અહેંમદ ઈસ્માઈલ કુરેશી** ઉ.વ.૨૪ રહે.નવાવાસ મકાન નં.૬૪૭, કુરેશ મેડીકલની પાસે મીરઝાપુર, મટન માર્કેટ પાસે અમદાવાદ **(૬) વિઠ્ઠલ ઉર્ફે ભુપત કાળુભાઈ ઉર્ફે લાલાભાઈ મણીલાલ સેનમા** ઉ.વ.૩૭, રહે–જામળા ગામ ઢાંકણી વાસ તા.કલોલ જી.ગાંધીનગરનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) મુજબ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૬૦૨૨૨૪૦૬૧૦/ ૨૦૨૪, બી.એન.એસ.ની કલમ–૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ–૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી કુરતા અધિનિયમ–૧૯૬૦ની કલમ–૧૧(૧)(એલ) એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનામા શંકાનો લાભ આપી **નિર્દોષ ઠરાવી છોડી** મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સંભવિત અપીલના હેતુસર ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) હેઠળ દરેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા)ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીઓ **(૨) વસીમ સ/ઓફ સાહબુદ્દીન બાબુ કુરેશી** ઉ.વ.૩૪, રહે.મ.નં.૧૭, સમ્મા સોસાયટી, જુહાપુરા, અમદાવાદ. **(૩) મહંમદ રફીક સ/ઓ મહંમદહનીફ અલીભાઈ કુરેશી** ઉ.વ.૨૮ રહે. મ.નં.૨૮૩, બ્લોક નં.૯, સંતોષનગર ચાર માળીયા, બહેરામપુરા અમદાવાદ. **(૪) અસ્ફાક ઉર્ફે સલમાન સ/ઓ અલ્લારદા અબ્દુલ બહેલીમ** ઉ.વ.૧૯ રહે. ૯, અબ્દુલ મુન્ના ફલેટ ફતેહવાડી કેનાલ પાસે અંબાટાવર સામે, અમદાવાદનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) મુજબ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર

નં.૧૧૨૧૬૦૨૨૨૪૦૬૧૦/ ૨૦૨૪, એમ.વી.એકટ કલમ- ૧૮૪ મુજબના ગુનામા **નિર્દોષ ઠરાવી છોડી** મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપીઓ **(૨) વસીમ સ/ઓફ સાહબુદ્દીન બાબુ કુરેશી** ઉ.વ.૩૪, રહે.મ.નં.૧૭, સમ્મા સોસાયટી, જુહાપુરા, અમદાવાદ. **(૩) મહંમદ રફીક સ/ઓ મહંમદહનીફ અલીભાઇ કુરેશી** ઉ.વ.૨૮ રહે. મ.નં.૨૮૩, બ્લોક નં.૯, સંતોષનગર ચાર માળીયા, બહેરામપુરા અમદાવાદ. **(૪) અસ્ફાક ઉર્ફે સલમાન સ/ઓ અલ્લારદા અબ્દુલ બહેલીમ** ઉ.વ.૧૯ રહે. ૯, અબ્દુલ મુન્ના ફ્લેટ ફતેહવાડી કેનાલ પાસે અંબાટાવર સામે, અમદાવાદનાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૮(૨) અન્વયે કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર. નં.૧૧૨૧૬૦૨૨૨૪૦૬૧૦/૨૦૨૪ નાઓને બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી કુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ), એમ.વી.એકટની કલમ-૧૭૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાના **તકસીરવાર ઠરાવવાનો હુકમ** કરવામાં આવે છે.

હુકમ આજ **તા. ૨૬ , માહે – ઓકટોબર, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:૨૬/૧૦/૨૦૨૬**
**કલોલ.**

**(બ્રિજેશકુમારી રામેશ્વરસિંહ રાજપુત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
કલોલ જી. ગાંધીનગર.
(કોડ નંબર-જીજે ૦૦૮૨૬)

આરોપીને સજા અંગે સાંભળવા મુલત્વી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>સજા અંગે સાંભળ્યા :</u>**

વિ.એ.પી.પી.શ્રી જે.એચ.જોશીએ એવી રજૂઆત કરેલ છે કે, આરોપીઓએ બેરહેમીથી ગાયોનું કતલ કરેલ છે. હિન્દુસ્તાનમાં ગાયોનું કતલ વર્જિત છે અને સરકારે ગૌરક્ષણ માટે તથા ગાયોનું કતલ અટકાવવા માટે વારંવાર કાયદાઓ બનાવા પડે છે છતાં આ આરોપીઓ કાયદાને નેવે મૂકી મૂક બનેલ ગૌમાતાનું નિર્મમ કતલ કરી ૨૭૭ કિ.ગ્રા.જેટલો અકલ્પનીય ગૌમાંસ સાથે રંગે હાથે પકડાઇ ગયેલ માટે આવા આરોપીને કાયદામાં પ્રસ્થાપિત મહત્તમ સજા કરવા દરગુજર કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી આર.એ.શેખનાઓએ કોર્ટ સમક્ષ રજુઆત કરેલ છે કે, આરોપીઓ પોતાના પરીવારના એકમાત્ર કમાવનાર વ્યકિત છે અગાઉ આવા કોઇ ગુના કરેલ નથી જેથી પ્રોબેશનનો લાભ આપવા દરગુજર કરેલ છે.

સદર કામે આરોપીઓ વિરૂદ્ધ ૧૦ વર્ષ ઉપરની સજાનો ગુનો હોય જેથી પ્રોબેશન મળી શકે નહી જેથી તેઓની રજુઆતને નામંજુર કરવામાં આવે છે.

બંનેને સાંભળ્યાં.

અહીં આરોપીઓને જાણ હોવા છતાં નિર્મમ રીતે માતા સમાન ગાયોની હત્યા કરી તેના મોઢા, જઠર, પગ અને ચામડું કાપી નાખી ૨૭૭ કિ.ગ્રા.જેટલો ગૌમાંસ ગાયોમાંથી કાઢી વેચવાની તજવીજ કરતા રંગે હાથે પકડાયા છે આવા આરોપીઓ કે જેઓએ અતિક્રુરતા પુર્વક ગાયોના અંશો કાપી કાપીને અલગ કરી નાખેલાં તેવા આરોપીઓને કાયદામાં પ્રસ્થાપિત સજા કરવામાં ન આવે તો સમય જતાં ધરતી ઉપર ગૌમાતા લુપ્ત થઇ જશે માટે આરોપીઓને કાયદામાં પ્રસ્થિાપ્ત પ્રમાણેની સજા કરવી જરૂરી જણાઇ આવતી હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપીઓ **(૨) વસીમ સ/ઓફ સાહબુદ્દીન બાબુ કુરેશી** ઉ.વ.૩૪, રહે.મ.નં.૧૭, સમ્મા સોસાયટી, જુહાપુરા, અમદાવાદ. **(૩) મહંમદ રફીક સ/ઓ મહંમદહનીફ અલીભાઇ કુરેશી** ઉ.વ.૨૮ રહે. મ.નં.૨૮૩, બ્લોક નં.૯, સંતોષનગર ચાર માળીયા, બહેરામપુરા અમદાવાદ. **(૪) અસ્ફાક ઉર્ફે સલમાન સ/ઓ અલ્લારદા અબ્દુલ બહેલીમ** ઉ.વ.૧૯ રહે. ૯, અબ્દુલ મુન્ના ફ્લેટ ફતેહવાડી કેનાલ પાસે અંબાટાવર સામે, અમદાવાદનાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૮(૨) અન્વયે કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર. નં.૧૧૨૧૬૦૨૨૨૪૦૬૧૦/૨૦૨૪ નાઓને બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૧૯ તથા ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ-૫, ૬(ક), ૬(ખ), ૮(૨), ૮(૪) તથા ધી પ્રાણી ક્રુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ),એમ.વી.એકટની કલમ-૧૭૭ મુજબના ગુનાના **તકસીરવાર ઠરાવી** નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧/૧) **ઉપરોકત પ્રમાણેના** આરોપી નં.૨ થી ૪ ને ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ સાથે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ-૫(૧)(એ) માટે તકસીરવાર ઠરાવી કલમ-૮(૨) પ્રમાણેના ગુના માટે **સખત આજીવન કેદની સજા** અને દરેક આરોપીને રૂ.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પુરા)નો રોકડ દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીઓ દંડની રકમ દિન-૩૦(ત્રીસ)માં જમા કરવામાં નિષ્ફળ જાય તો, સદર દંડની વસુલાત બી.એન.એસ.એસ.ની કલમ-૪૬૧ પ્રમાણે વસુલાત વોરંટ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧/૨)ઉપરોકત પ્રમાણેના** આરોપી નં.૨ થી ૪ ને ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ(સુધારા) અધિનિયમ-૨૦૧૭ સાથે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ-૬(ક), ૬(ખ) માટે તકસીરવાર ઠરાવી કલમ-૮(૪) પ્રમાણેના ગુના માટે **૧૦(દસ) વર્ષની સખત કેદની સજા** અને દરેક આરોપીને રૂ.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પુરા)નો રોકડ દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીઓ દંડની રકમ દિન-૩૦(ત્રીસ)માં જમા કરવામાં નિષ્ફળ જાય તો, સદર દંડની વસુલાત બી.એન.એસ.એસ.ની કલમ-૪૬૧ પ્રમાણે વસુલાત વોરંટ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧/૩)** આરોપીઓને ઉપરોકત પ્રમાણેની મહત્તમ સજા કરવામાં આવેલ હોય બી.એન.એસ.ની કલમ-૩૨૫, ૫૪ તથા જી.પી.એકટ કલમ-૧૧૯ અને એમ.વી.એકટની કલમ-૧૭૭, ધી પ્રાણી કુરતા અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧(૧)(એલ) ના ગુના માટે અલગથી કોઇ સજા કરવામાં આવતી નથી.

**(૨)** આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૬૭(૧)અન્વયે ઉપરોકત કાયદા હેઠળ કરેલ સજા એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીઓને બી.એન.એસ.એસ.કલમ-૪૦૪ અન્વયે આ ચુકાદાની નકલ વિના મુલ્યે આપવી.

**(૪)** આ કામે કબજે કરવામા આવેલ બીનકિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ, નિયમોનુસારની કાર્યવાહી અનુસારી આથી નાશ કરવાનો હુકમ કરવામા આવે છે. જયારે કિંમતી મુદામાલ અન્વયે વચગાળાના તબકકે જો કોઈ હુકમ કરવામા આવેલ હોય તો તે હુકમ આથી અપીલ સમય વિત્યા બાદ કાયમ કરવામા આવે છે. અન્યથા તપાસ અર્થે કબજે લીધેલ કિંમતી

મુદામાલની અપીલ સમય વિત્યા બાદ જાહેર હરાજી કરી, તેમાંથી ઉપજેલ રકમ સરકારશ્રીમા જમા કરાવા હુકમ કરવામા આવે છે.

(૫) આ ચુકાદાની એક નકલ કલેકટરશ્રીને બી.એન.એસ.એસ.કલમ-૪૦૬ અન્વયે તથા સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ, ગાંધીનગરને મોકલી આપવી.

(૬) નામ. ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર નં.સી.૨૬૨૩/૨૦૦૫, તા.૦૨/૦૯/૨૦૦૫ અન્વયે સંબંધિત પોલીસ સ્ટેશનના પી.આઈ.ને તથા સંબંધિત જેલ ઓથોરિટીને આ કામના તહોમતનામાની તથા આખરી હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૭) ઉપરોક્ત હુકમ મુજબ આરોપીઓના કન્વીશન ફોર્મ તથા સજા ચીઠ્ઠી ભરીને મધ્યસ્થ જેલ, સાબરમતીના જેલરશ્રીને સજાના અમલ માટે મોકલી આપવાનો હુકમ ફરમાવુ છું.

હુકમ આજ **તા. ૨૬ , માહે – ઓકટોબર , સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:૨૬/૧૦/૨૦૨૬**
**કલોલ.**

**(બ્રિજેશકુમારી રામેશ્વરસિંહ રાજપુત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
કલોલ જી. ગાંધીનગર.
(કોડ નંબર-જીજે ૦૦૮૨૬)